*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક





## ૩૧૫




સંતો કહે છે હે જીવ! આ ઘટ–આકારે શરીરમાં આનંદથી ભરેલો આત્મા છે તે આનંદનો ઘટ છે. અહા, આનંદથી ભરેલો આત્મા તારી પાસે જ પડયો છે,–તું જ તે છો, છતાં તે તને કેમ આનંદિત નથી કરતો?–કેમકે તેમાં તું તારી બુદ્ધિને જોડતો નથી, તારી બુદ્ધિ કયાંક બીજે રોકાયેલી છે; એટલે તારો નિજ–આનંદ તને ભોગવાતો નથી. જો આનંદમય સ્વતત્ત્વમાં તારી બુદ્ધિ જોડ તો તારો આત્મા આનંદિત થાય.

તંત્રી પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર     સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૬, પોષ     (લવાજમઃ ચાર રૂપિયા)     વર્ષ ૨૭ : અંક ૩
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# પૂ. શ્રી કાનજીસ્વામી ( પ્રવાસ-કાર્યક્રમ )

( પૂ. ગુરુદેવના મંગલપ્રવાસનો કાર્યક્રમ હાલમાં નીચે મુજબ નક્કી કરવામાં આવ્યો છે. )

| | |
|---|---|
| સોનગઢથી પ્રસ્થાન કરીને રાજકોટ તા. ૬–૨–૭૦, પોષ વદ ૦ ) ) | |
| જામનગરઃ | તા ૭ થી ૧૨ ( મહા સુદ ૧ થી ૬ ) |
| જસદણઃ | તા. ૧૩–૧૪ |
| જેતપુરઃ | તા. ૧૫–૧૬–૧૭ |
| ગોંડલઃ | તા. ૧૮ થી ૨૦ |
| જોરાવરનગર | ( તા. ૨૧ ); અમદાવાદ ( તા. ૨૨ ); પાલેજ ( તા. ૨૩ ); સોનગઢ વ્યારા ( તા. ૨૪ ); ધુલિયા ( તા. ૨૫ ); એદલાબાદ ( તા. ૨૬ ); આકોલા તા. ૨૭ |
| કારંજાઃ | ( તા. ૨૮ ફેબ્રુઆરી તથા ૧ માર્ચ ) |
| શિરપુરઃ | ( અંતરિક્ષ પાર્શ્વનાથ ) તા. ૨ થી ૯ માર્ચ; ( પંચકલ્યાણક પ્રતિષ્ઠા ફા. સુ. બીજ, તા. ૯ ) |
| જલગાંવઃ | તા. ૧૦ થી ૧૫ માર્ચ ( વેદીપ્રતિષ્ઠા ફા. સુ. છઠ્ઠ, તા. ૧૩ ) |
| મલકાપુરઃ | તા. ૧૬ થી ૧૯ ( ફા. સુ. ૯ થી ૧૨ ) |
| ખંડવાઃ | તા. ૨૦ થી ૨૩ |
| રતલામઃ | તા. ૨૪–૨૫ |
| દાહોદઃ | તા. ૨૬–૨૭ |
| અમદાવાદઃ | તા. ૨૮–૨૯ |
| વઢવાણઃ | તા. ૩૦–૩૧ |
| રાજકોટઃ | એપ્રિલ તા. ૧ થી ૧૫ ( ફા. વદ ૧૦ થી ચૈત્ર સુદ ૯ ) |
| મોરબીઃ | તા. ૧૬–૧૭ ( ચૈત્ર સુદ ૧૦–૧૧ ) |
| વાંકાનેરઃ | તા. ૧૮–૧૯ ( ચૈત્ર સુદ ૧૨–૧૩ ) |
| લાઠીઃ | તા. ૨૦–૨૧ |
| સાવરકુંડલાઃ | તા. ૨૨ થી ૨૫ |
| કાનાતળાવઃ | તા. ૨૬ થી ૨૯ ( વેદીપ્રતિષ્ઠા ચૈત્ર વદ આઠમ, તા. ૨૯ ) |
| લાઠીઃ | તા. ૩૦ |
| ભાવનગરઃ | તા. ૧ થી ૮ મે ( પંચકલ્યાણકપ્રતિષ્ઠા વૈ. સુદ ત્રીજ, તા. ૮ ) |
| પુનઃ સોનગઢ પ્રવેશ વૈશાખ સુદ ૪, તા. ૯–૫–૭૦ | |

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા * વર્ષ ૨૭: અંક ૩ * વીર સં. ૨૪૯૬, પોષ

# લાખ વાતની એક વાત–

## મોક્ષમાર્ગને માટે ભૂતાર્થરૂપ શુદ્ધ આત્માને લક્ષમાં લ્યો

(માગશર વદ ૯ ના પ્રવચનમાંથી)

માગશર સુદ ૧૨ થી તેર દિવસ સુધી પ્રવચનો બંધ રહ્યા પછી માગશર વદ નોમના રોજ જ્યારે મંગલ પ્રવચન શરૂ થયા ને સમ્યગ્દર્શનનો સુંદર માર્ગ ગુરુદેવે બતાવ્યો, ત્યારે એ સમ્યક્–મેઘવર્ષાને ચાતકડાંની જેમ ઝીલીને શ્રોતાઓ ઉલ્લસિત થયા; અને જાણે આનંદના ઘડા ભરીભરીને અમૃત વરસતું હોય–એમ નવા જ ઉમંગથી સોનગઢનું વાતાવરણ ઝબકી ઉઠયું. એ પ્રવચનનો સાર અહીં આપ્યો છે.

જિજ્ઞાસુ શિષ્ય પૂછે છે–પ્રભો! સમ્યગ્દર્શન કેમ થાય? તેને આચાર્યદેવ સમજાવે છે કે ભૂતાર્થરૂપ શુદ્ધનય વડે શુદ્ધ આત્માની અનુભૂતિ કરતાં સમ્યગ્દર્શન થાય છે; અશુદ્ધતાને બતાવનારો બધોય વ્યવહારનય અભૂતાર્થ છે, કેમકે તે આત્માના અશુદ્ધસ્વરૂપને દેખાડે છે, આત્માના શુદ્ધસ્વરૂપને તે વ્યવહારનય બતાવતો નથી. પર્યાયમાં કર્મનો સંબંધ અને રાગ–દ્વેષાદિ અશુદ્ધભાવો છે તે વ્યવહારનયનો વિષય છે; તે અશુદ્ધભાવો આત્માની અવસ્થામાં હોવા છતાં, શુદ્ધનય વડે જોતાં તેમનાથી રહિત અભેદ

શુદ્ધસ્વરૂપ આત્મા અનુભવાય છે; ને આવા શુદ્ધ આત્માનો અનુભવ કરતાં જ સમ્યગ્દર્શન થાય છે.

સમયસારની ૧૧ મી ગાથા જૈનશાસનનો પ્રાણ છે, તેમાં સમ્યગ્દર્શનનો અમોઘ ઉપાય આચાર્યદેવે બતાવ્યો છે.

વ્યવહારનય અભૂતાર્થ છે–એટલે શું? કે વ્યવહાર જેટલો જ આત્મા અનુભવતાં શુદ્ધ આત્મા અનુભવમાં આવતો નથી; તેથી સમ્યગ્દર્શનને માટે તે વ્યવહારનય અનુસરવા જેવો નથી; એ જ રીતે સમ્યગ્જ્ઞાન માટે, સમ્યક્ચારિત્ર માટે પણ વ્યવહારનય અનુસરવા જેવો નથી; શુદ્ધ આત્માનો જ આશ્રય કરવા જેવો છે કેમકે તેના જ આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થાય છે. મોક્ષમાર્ગ શુદ્ધ આત્માના આશ્રયે થાય છે. માટે શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડનારો શુદ્ધનય જ ભૂતાર્થ છે. અને વ્યવહારનય બધોય અભૂતાર્થ છે.

કર્મનો સંબંધ બતાવનારો વ્યવહારનય હો કે અશુદ્ધપર્યાયને બતાવનારો વ્યવહારનય હો, નિર્મળ પર્યાયના ભેદરૂપ વ્યવહાર હો કે ગુણગુણીભેદરૂપ સૂક્ષ્મ વ્યવહારનો વિકલ્પ હો,–તે કોઈના આશ્રયે આત્માનું સમ્યગ્દર્શન થતું નથી; એકરૂપ જે ભૂતાર્થ શુદ્ધસ્વભાવ, તેના જ આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

શુદ્ધનય પોતે પર્યાય છે; પણ તેનો વિષય અખંડ શુદ્ધ આત્મા છે; અહીં તે નય અને નયનો વિષય બંનેને અભેદ ગણીને 'શુદ્ધનય તે ભૂતાર્થ છે' એમ કહ્યું છે, કેમકે શુદ્ધનયની પર્યાય અંતરમાં અભેદ થાય છે. 'જ્ઞાન તે આત્મા' એવા ગુણભેદના સૂક્ષ્મ વિકલ્પો વડે પણ આત્મા પકડાય નહીં, તો પછી બીજા અશુદ્ધતાના સ્થૂળ વિકલ્પની તો વાત જ શી? વ્યવહારના જેટલા પ્રકારો છે તે બધોય વ્યવહાર આશ્રય કરવા જેવો નથી; અને શુદ્ધનિશ્ચય કે જે એક પ્રકારનો જ છે, તે જ એક આશ્રય કરવા જેવો છે. તે એક સ્વભાવને દેખનારી અભેદદ્રષ્ટિમાં કોઈ ભેદો દેખાતા નથી, એટલે વિકલ્પોનું ઉત્થાન તેમાં થતું નથી; અભેદના અનુભવમાં અતીન્દ્રિય આનંદ અને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ બધું સમાય છે; તે જ મોક્ષમાર્ગ છે. વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નથી. શુદ્ધનય ભૂતાર્થ છે, અને તેના જ આશ્રયે ધર્મી જીવો મોક્ષની પ્રાપ્તિ કરે છે.

એક કોર શુદ્ધ આત્મા એકરૂપ, તે એક જ ભૂતાર્થ;

એની સામે વ્યવહારના અનેક પ્રકારો, તે બધાય અભૂતાર્થ.

પર્યાયમાં વ્યવહાર છે ખરો, તે સર્વથા નાસ્તિરૂપ નથી; પણ તે વ્યવહારના આશ્રયે આત્માનો અનુભવ કરવા જાય તો અશુદ્ધતાનો અનુભવ થાય છે અને સમ્યગ્દર્શનાદિ થતાં નથી; એટલે સમ્યગ્દર્શનને માટે તે વ્યવહારનય અભૂતાર્થ છે. શુદ્ધ આત્માનો નિર્ણય કોણ કરે છે? તે નિર્ણય તો શુદ્ધસ્વભાવ તરફ ઝુકેલી પર્યાય જ કરે છે. પણ તે પર્યાયનો ભેદ પાડીને જોતાં શુદ્ધ આત્મા અનુભવમાં નથી આવતો; માટે વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે. નિજભગવાન પૂર્ણ આનંદથી ભરેલો એકરૂપ છે–તેના આશ્રયે સમ્યગ્દર્શનાદિ થાય છે. માટે કહે છે કે–

લાખ બાતકી બાત યહૈ નિશ્ચય ઉર લાવો,

તોડ સકલ જગદંદ ફંદ નિજ આતમ ધ્યાવો.

અહો, આ ક્ષણભંગુર જીવન! ક્ષણમાં આયુષ્ય પૂરું કરીને જીવો બીજે ચાલ્યા જાય છે, તેમાં આવો સચ્ચિદાનંદ આત્મા લક્ષગત કરવા જેવો છે; એ જ જન્મ–મરણને ટાળવાની, ને મોક્ષને પામવાની રીત છે. અરૂપી ચૈતન્ય આત્માને આવા શરીર ધારણ કરવા પડે એ તો શરમ છે. આત્મા તો અશરીર છે, તેને આવા જન્મ–મરણ શા? તેથી કહે છે–

ધ્યાન વડે અભ્યંતર દેખે જે અશરીર,

શરમજનક જન્મો ટળે પીએ ન જનની ક્ષીર.

સંયોગના લક્ષે, અશુદ્ધતાના લક્ષે કે ભેદના લક્ષે તો જીવને દુઃખ ઉત્પન્ન થાય છે, ને પરમાનંદરૂપ સુખ તો પોતાના શુદ્ધઆત્માના લક્ષે જ ઉત્પન્ન થાય છે. માટે આચાર્યદેવ કહે છે કે હે જીવો! તમે તમારા ભૂતાર્થ સ્વભાવને જાણીને તેનો જ આશ્રય કરો. તે જ કલ્યાણનો માર્ગ છે. એ સિવાય બીજું બધું અસત્ય છે.

પાણીનું દૃષ્ટાંત આપીને આત્માનું શુદ્ધસ્વરૂપ સમજાવે છે;–જેમ પાણીનો નિર્મળ સ્વભાવ છે, કાદવ તેનો સ્વભાવ નથી; તેમ આત્મા જ્ઞાયકભાવસ્વરૂપ એક શુદ્ધ વસ્તુ છે તે ભૂતાર્થ છે, ને સંયોગીભાવો કે ભેદના વિકલ્પો તે એનું સ્વરૂપ નથી. ત્યાં, જેમ સ્વચ્છ પાણી અને મલિન કાદવ, એ બંનેનો ભેદ નહિ ઓળખનારા ઘણા જીવો પાણીને મેલું સમજીને તેને

મલિન જ અનુભવે છે. અને કેટલાક જીવો પોતાના હાથે નિર્મળી ઔષધિ નાંખીને, જળ અને કાદવને ભિન્ન કરીને, સ્વચ્છ જળને અનુભવે છે. અહીં શુદ્ધનય છે તે નિર્મળી ઔષધિ જેવો છે. આત્મા સહજ એક નિર્મળ જ્ઞાયક ભાવરૂપ છે, તે શુદ્ધ છે; તેની અવસ્થામાં કર્મના સંબંધથી અશુદ્ધતા છે એટલે જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે-પર્યાયમાં પ્રગટ નથી. ત્યાં અશુદ્ધતાને જ જોનારા, વ્યવહારમાં જ વિમોહિત હૃદયવાળા અજ્ઞાની જીવો આત્માને અશુદ્ધ અનેકરૂપ જ અનુભવે છે, એકરૂપ જ્ઞાયકભાવને તેઓ ઓળખતા નથી. પણ વિરલા સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાનીજીવો તો, નિર્મળી ઔષધિ જેવા શુદ્ધ નયવડે આત્મા અને કર્મની અત્યંત ભિન્નતા જાણીને, શુદ્ધઆત્માને દેખે છે, શુદ્ધનયના બોધરૂપ ભેદજ્ઞાન વડે પરભાવોથી ભિન્ન એવા જ્ઞાયકભાવને પ્રગટ અનુભવે છે. શુદ્ધનયવડે તેઓ જ સાચા આત્માને દેખતા હોવાથી સમ્યગ્દ્રષ્ટિ છે. જેઓ આવા શુદ્ધઆત્માને નથી દેખતા, ને વ્યવહારનો આશ્રય કરીને આત્માને અશુદ્ધ જ અનુભવે છે તેઓ સમ્યગ્દ્રષ્ટિ નથી. શુદ્ધ આત્માને ઓળખ્યા વગર, અનુભવ્યા વગર બીજી કોઈ રીતે સમ્યગ્દર્શન થાય નહીં.

અહો, આચાર્યદેવે આ ગાથામાં સમ્યગ્દર્શનનું સ્વરૂપ બતાવીને જૈનદર્શનનું રહસ્ય ખોલ્યું છે. લાખ વાતની એક વાત છે કે-હે જીવો! મોક્ષમાર્ગને માટે તમે શુદ્ધનયવડે શુદ્ધઆત્માને જાણીને તેનો જ આશ્રય કરો.

**જીવનું જીવન**



સિદ્ધ ભગવાન પણ જીવ છે; તેઓ રાગ-દ્વેષ અને શરીર વગર, સદાય જ્ઞાન-આનંદમય જીવન જીવે છે. તેમનો મહિમા વચનઅગોચર છે.

સિદ્ધભગવંતો સ્વયં પોતાના જ્ઞાન-આનંદમય જીવનને ઉપજાવે છે, પણ ભાવકર્મ કે દ્રવ્યકર્મને ઉપજાવતા નથી.

સંસારી જીવોને ચારગતિરૂપે ઊપજવામાં રાગ-દ્વેષ અજ્ઞાનભાવ તે કારણ છે, તથા દ્રવ્યકર્મ તેનું નિમિત્તકારણ છે. પણ સિદ્ધભગવંતો પોતાના સ્વભાવ-પરિણામથી જ સહજ જ્ઞાન-આનંદરૂપે ઊપજે છે, તેમાં બીજું કોઈ કારણ નથી. કેમકે આત્માનો સ્વભાવ જ જ્ઞાન-આનંદમય છે; તે શરીરના સંબંધ વગર જ ચૈતન્યપ્રાણથી જીવે છે. અને આવું સિદ્ધપદ તે આત્માનું નિજઘર છે.

અજ્ઞાની પોતાના આવા સ્વભાવને ભૂલીને રાગ-દ્વેષ-અજ્ઞાનથી તથા શરીરનાં સંયોગથી પોતાનું જીવત્વ માને છે. સાચા જીવત્વની તેને ખબર નથી, પોતાના નિજઘરની તેને ખબર નથી. જ્ઞાન-આનંદમય નિજઘરમાં રહીને સિદ્ધભગવંતો ચૈતન્યજીવન જીવે છે. તે જ સાચું જીવન છે.

# સર્વજ્ઞદેવે જોયેલું વસ્તુસ્વરૂપ

## સત્‌રૂપ દ્રવ્યનાં લક્ષણનું ત્રણ પ્રકારે કથન

( પંચાસ્તિકાય ગાથા ૮ થી ૧૧ ના પ્રવચનમાંથી )

સૂક્ષ્મતાથી વસ્તુનું સ્વરૂપ સમજાવતો આ લેખ ગતાંકમાં સ્થળ-સંકોચને કારણે બાકી રહી ગયેલ, તે અહીં આપીએ છીએ. સંતોએ કહેલું આવું સત્‌નું સ્વરૂપ સમજતાં, પોતાની સ્વ-પર્યાયને માટે પરની સામે જોવાનું રહેતું નથી; પરથી ભિન્ન પોતાના દ્રવ્યની સન્મુખતા થાય છે. આ રીતે સત્‌ના જ્ઞાનવડે પરાશ્રિત બુદ્ધિ મટે છે, ભેદજ્ઞાન થાય છે ને મોક્ષમાર્ગ પ્રગટે છે. અહો! સર્વજ્ઞદેવે કહેલું તત્ત્વજ્ઞાન અપૂર્વ ભેદજ્ઞાન કરાવીને સ્વસન્મુખતા અને વીતરાગતા કરાવે છે.

નિત્ય-અનિત્ય સ્વરૂપ જે સત્‌ વસ્તુ, તેનું અસ્તિત્વ આઠમી ગાથામાં બતાવ્યું; હવે એવા અસ્તિરૂપ-સત્‌રૂપ જે દ્રવ્યો તેમનું સ્વરૂપ કેવું છે તે ઓળખાવે છે.

ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ જે સત્‌ દ્રવ્ય છે, તે દ્રવ્ય પોતાની સદ્‌ભાવપર્યાયને પોતે જ દ્રવે છે, પોતે જ દ્રવીને તે રૂપે પરિણમે છે. પોતાની સુખ કે દુઃખપર્યાયરૂપે આત્મદ્રવ્ય પોતે પરિણમે છે. એટલે, પ્રતિકૂળ સંયોગને કારણે દુઃખ થયું-અથવા અનુકૂળ સામગ્રીને કારણે સુખ થયું એમ નથી. દુઃખપર્યાયને પરદ્રવ્ય નથી દ્રવતું, પણ આત્મદ્રવ્ય પોતાની તે પર્યાયને દ્રવે છે; અને સુખપર્યાયને, જ્ઞાનપર્યાયને, શ્રદ્ધાપર્યાયને, અનંતગુણોની પર્યાયને આત્મા પોતે દ્રવે છે. આત્માના ગુણપર્યાયનું વિદ્યમાનપણું કોઈ બીજાના કારણે નથી.

જેમ વિદ્યમાન વસ્તુ પોતાથી જ સત્‌ છે, તેનું સત્‌પણું-હોવાપણું બીજાને કારણે નથી; તેમ તેના ગુણો-પર્યાયો પણ પોતાથી જ છે, કેમકે પોતે ગુણપર્યાયસ્વરૂપ છે; તેમજ તેના ઉત્પાદ-વ્યય-ધ્રુવ પણ પોતાથી છે, કેમકે સત્‌ પોતે ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ છે. આમ દરેક વસ્તુ સ્વભાવથી જ ગુણપર્યાયસ્વરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ અને સત્‌ સ્વરૂપ છે.

દુઃખ પરથી ઊપજ્યું એમ જેણે માન્યું તેણે પોતાનું સત્પણું પોતાથી ન માન્યું, એટલે પોતાની ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ સ્વાધીન સત્તાને ન જાણી.

અજ્ઞાનદશા ટળીને સ્વભાવના આશ્રયે જ્ઞાનદશા ઉપજી, અથવા શ્રુતજ્ઞાન પલટીને કેવળજ્ઞાન પર્યાય ઉપજી, તે ઉત્પાદ કોની સત્તામાં થયો ?–કે જીવની સત્તામાં થયો. વજ્રશરીર વગેરેનાં કારણે તે ઉત્પાદ નથી થયો.

આ પ્રમાણે સર્વત્ર પોતાનું સત્પણું પોતાથી જાણે અને પરનું સત્પણું પરથી જાણે તો સત્‌ના જ્ઞાનવડે પરાશ્રિતબુદ્ધિ મટે, ભેદજ્ઞાન થાય ને મોક્ષમાર્ગ પ્રગટે.

સર્વજ્ઞદેવે જોયેલા વિશ્વના સત્સ્વરૂપનું આ કથન છે. જગતના સત્ દ્રવ્યો ત્રણ પ્રકારે ઓળખાય છે, અર્થાત્ ત્રણ પ્રકારનાં લક્ષણથી તે ઓળખાય છે.–

( ૧ ) સત્ લક્ષણ વડે દ્રવ્ય ઓળખાય છે.

( ૨ ) ઉત્પાદ–વ્યય–ધ્રુવ લક્ષણ વડે દ્રવ્ય ઓળખાય છે.

( ૩ ) ગુણ–પર્યાયોરૂપ લક્ષણ વડે દ્રવ્ય ઓળખાય છે.

જગતની જડ કે ચેતન કોઈ પણ વસ્તુમાં આવા ત્રણ લક્ષણો હોય છે. અને પોતાનાં તે–તે લક્ષણ વડે જ તે–તે દ્રવ્ય લક્ષિત થાય છે. એકના અસ્તિત્વ વડે બીજાનું અસ્તિત્વ લક્ષિત થતું નથી, અથવા એક દ્રવ્યના ઉત્પાદ વડે કે તેનાં ગુણ–પર્યાયવડે બીજું દ્રવ્ય લક્ષિત થતું નથી. જેનાં ગુણ હોય તે વડે તે દ્રવ્ય જ લક્ષિત થાય છે.

જેમકે જીવની અવસ્થામાં દયાનો ભાવ ઊપજ્યો તે દયાવાળા જીવનું અસ્તિત્વ લક્ષિત કરાવે છે, પણ તે ઉત્પાદ બીજાને લક્ષિત કરાવતો નથી. એક પદાર્થનાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યથી તે પદાર્થ લક્ષિત થાય છે, પણ એકના ઉત્પાદ–વ્યય–ધ્રુવ વડે બીજો પદાર્થ લક્ષિત થતો નથી. દરેક દ્રવ્યનાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય કે ગુણપર્યાયો પોતપોતામાં જ છે, અને તેમનાથી તે દ્રવ્ય અભિન્ન છે.

સમ્યગ્દર્શનાદિ ધર્મપર્યાય ઉત્પન્ન થઈ, તે જીવદ્રવ્યને લક્ષિત કરાવે છે; પણ તે પર્યાય વાણી વગેરે નિમિત્તોને લક્ષ કરતી નથી; વાણી પર્યાય વડે તેનાં પુદ્ગલ પરમાણુઓ લક્ષિત છે, તેનાં વડે જીવદ્રવ્ય લક્ષિત નથી.

વસ્તુનું પોતાનું જે લક્ષણ હોય, અથવા વસ્તુના જે ધર્મો હોય તે પોતામાં જ હોય છે, પોતાથી ભિન્ન હોતાં નથી.

પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવથી દ્રવ્ય જુદું નથી. સ્વભાવથી જ ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે એક સાથે વર્તે છે, એવા ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ દ્રવ્ય છે.

પોતાના ગુણ–પર્યાયોથી દ્રવ્ય જુદું નથી; ગુણ–પર્યાયોનો આધાર તે જ દ્રવ્ય છે. પોતાની સત્તાથી દ્રવ્ય જુદું નથી.

આ રીતે દરેક દ્રવ્ય પોતાનાં સ્વલક્ષણ વડે જ લક્ષિત થાય છે, પરથી તેને ભિન્નપણું છે.

સર્વજ્ઞદેવે જગતના દરેક દ્રવ્યનું આવું સ્વરૂપ જોયું છે; તે સર્વજ્ઞ સિવાય બીજા કોઈ મતમાં યથાર્થ હોય નહીં. છ દ્રવ્યોમાં કાળ સિવાયનાં પાંચ અસ્તિકાય છે. આમ જે છ પ્રકારનાં દ્રવ્યો સર્વજ્ઞે જોયેલાં છે, તે ત્રણ પ્રકારનાં લક્ષણોથી ઓળખાય છે.

( ૧ ) અનેકાંત સ્વરૂપ વસ્તુમાં અનંત ધર્મો છે તેમાંથી 'સત્તા' પણ એક ધર્મ છે, તે દ્રવ્યનું સ્વરૂપ છે; તે લક્ષણવડે દ્રવ્યનું અસ્તિત્વ ઓળખાય છે. સત્તા અને દ્રવ્ય અભિન્ન હોવા છતાં તેમાં લક્ષણ–લક્ષ્યપણું છે.

( ૨ ) દ્રવ્યનું બીજું લક્ષણ છે–ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય. જીવ તે જીવ, ને અજીવ તે અજીવ. એમ પોતાની જાત છોડયા વગર જે ક્રમરૂપ ભાવોનો પ્રવાહ ચાલે છે તેમાં નવા ભાવની ઉત્પત્તિ તે ઉત્પાદ, તે જ ક્ષણે પૂર્વના ભાવનો વિનાશ તે વ્યય; અને સ્વજાતિપણે વસ્તુનું સળંગ ટકવું તે ધ્રુવતા. આવા ઉત્પાદ–વ્યય–ધ્રુવ તે દ્રવ્યનું સ્વરૂપ છે.

ભાષાનો ઉત્પાદ થયો તેના વડે પુદ્‌ગલદ્રવ્ય લક્ષિત થાય છે, તે પુદ્‌ગલની સ્વજાત છે. ભાષાનું પ્રગટવું તે પુદ્‌ગલના અસ્તિત્વમાં છે, જીવમાં નહીં. અને જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ તે જીવનો ભાવ છે, તેના વડે જીવદ્રવ્યનું અસ્તિત્વ લક્ષિત થાય છે. જીવની પર્યાયનો પ્રવાહ જ્ઞાનમય જ હોય, એકપર્યાય જ્ઞાનરૂપ હોય ને બીજી પર્યાય જડરૂપ હોય એમ ન બને; પુદ્‌ગલની બધી પર્યાયો જડરૂપ હોય. આમ પદાર્થના ઉત્પાદ –વ્યય–ધ્રુવ પોતાની સ્વજાતને છોડતા નથી; જડ–ચેતન એકબીજામાં ભળી જતા નથી આવો સત્ સ્વભાવ છે. જીવ ત્રણે કાળે જીવ રહે; અજીવ ત્રણેકાળે અજીવ રહે. જીવ કે અજીવ તે સૌ પોતપોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં જ વર્તે છે. તે દ્રવ્ય પોતાના ઉત્પાદ –વ્યય–ધ્રુવથી અભિન્ન છે. વસ્તુમાં એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવનું એકસાથે હોવું એ વાત સર્વજ્ઞ સિવાય કોઈના મતમાં હોય નહીં. ઉત્પાદ–વ્યય–ધ્રુવ તો દ્રવ્યનું લક્ષણ છે, તે બીજા વડે અપાતું નથી. વિશ્વની વસ્તુઓ જ સ્વયંસિદ્ધ એવા સ્વભાવવાળી છે.

ઉત્પાદ–વ્યય થવા છતાં વસ્તુમાં સ્વજાતિનો ત્યાગ નથી; સ્વજાતિનો અત્યાગ તેનું નામ ધ્રુવતા છે. જીવમાં મતિજ્ઞાનાદિ પર્યાયનો વ્યય થવા છતાં તે જીવ પોતાની ચેતન–જાતને છોડતો નથી; નવી પર્યાય ઊપજે તે પણ ચેતન–જાતને છોડયા વગર જ ઊપજે છે. ચેતનપણું સળંગ નિત્ય ટકી રહે છે. એ જ રીતે છએ દ્રવ્યોમાં પોતપોતાની જાતનો અત્યાગ છે, તેની જાત કદી બદલતી નથી. મિથ્યાત્વ છૂટીને સમ્યક્ત્વ નવું પ્રગટે પણ જીવ તો જીવ જ રહે છે. મિથ્યાત્વનો નાશ થતાં જીવનો નાશ થઈ જતો નથી. અને સમ્યક્ત્વ ઉત્પન્ન થતાં જીવ કાંઈ નવો ઉત્પન્ન થતો નથી. બંને અવસ્થામાં જીવનું જીવપણું ટકી રહે છે. એ જ રીતે પુદ્ગલની સર્વ અવસ્થાઓમાં પુદ્ગલદ્રવ્ય પુદ્ગલપણે ટકે છે, કોઈ જીવ દેવમાંથી મનુષ્ય થયો, કે મનુષ્યમાંથી દેવ થયો, છતાં ચેતનરૂપ જીવ તે તો ચેતનરૂપ જ રહ્યો.

ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ જે લક્ષણ છે તે ત્રણે યુગપત વર્તે છે, ને દ્રવ્યના સ્વભાવભૂત છે. દ્રવ્ય પોતે જ એવા ઉત્પાદ–વ્યય–ધ્રુવ સ્વભાવવાળું છે. આ ઉત્પાદ –વ્યય–ધ્રુવ સામાન્ય આદેશે દ્રવ્યથી અભિન્ન છે; ને વિશેષ આદેશે તેઓ દ્રવ્યથી ભિન્ન છે, કેમકે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ પ્રત્યેક એકેક અંશની અપેક્ષાએ છે.

આવા ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ લક્ષણવડે દ્રવ્યનું સ્વરૂપ ઓળખાય છે, ઉત્પાદ–વ્યય –ધ્રુવ ત્રણે વચ્ચે સમયભેદ નથી. દ્રવ્યમાં એક સમયમાં ત્રણે એકસાથે વર્તે છે.

( ૩ ) ત્રીજા પ્રકારે દ્રવ્યનું લક્ષણ 'ગુણ–પર્યાય' છે. ગુણપર્યાયવત્ દ્રવ્ય છે.

ગુણ એટલે અન્વયરૂપ વિશેષો; એકરૂપ રહેનારા વિશેષો;

પર્યાય એટલે વ્યતિરેકરૂપ વિશેષો; બદલાતા વિશેષો.

આવા ગુણો દ્રવ્યમાં એકસાથ વર્તે છે; ને પર્યાયો ક્રમે વર્તે છે. આ ગુણપર્યાયો તે દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે ને કથંચિત્ અભિન્ન છે, તથા સ્વભાવભૂત છે. આવું દ્રવ્યનું સ્વરૂપ છે.

આ ત્રણે લક્ષણનાં ૩ સૂત્રો તત્ત્વાર્થસૂત્રમાં આવે છે–

૧. सत् द्रव्यलक्षणम्।

૨. उत्पादव्ययध्रौव्ययुक्तं सत्।

३. गुणपर्ययवत् द्रव्यम्।

કુંદકુંદભગવાનનાં શાસ્ત્રમાં એ બધાનાં મૂળિયાં છે. તેમણે વસ્તુસ્વરૂપનું અલૌકિક વર્ણન કર્યું છે. મોક્ષશાસ્ત્ર કુંદકુંદાચાર્યદેવના શિષ્ય ઉમાસ્વામીએ બનાવ્યું છે.

વસ્તુના જે ઉત્પાદ–વ્યય–ધ્રુવ છે તે ત્રણે ભાવો વસ્તુના સ્વભાવભૂત છે, કેમકે વસ્તુના પોતાના તે ભાવો છે. જડના ઉત્પાદ–વ્યય–ધ્રુવ જડના સ્વભાવભૂત, ને આત્માના ઉત્પાદ–વ્યય–ધ્રુવ આત્માના સ્વભાવભૂત છે. પછી રાગપર્યાય હોય કે વીતરાગપર્યાય હોય, પણ જીવની તે પર્યાય પરથી જુદી છે, ને જીવથી અભિન્ન છે, એમ સ્વ–પર દ્રવ્યની વહેંચણી કરવી છે. પછી આવી વહેંચણીનું ફળ વીતરાગતા આવે છે,–તે સમજાવશે.

વસ્તુનું અસ્તિત્વ ત્રણ લક્ષણથી બતાવ્યું, તે ત્રણે લક્ષણો સાથે જ હોય છે. એક લક્ષણ કહેતાં બાકીનાં બે લક્ષણો પણ તેમાં આવી જ જાય છે.

( ૧ ) જે સત્ હોય તે–

ઉત્પાદ–વ્યય–ધ્રુવવાળું હોય, અને ગુણપર્યાયવાળું હોય.

( ૨ ) જે ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ હોય તે–

સત્ હોય, અને ગુણપર્યાયોવાળું હોય.

( ૩ ) જે ગુણ–પર્યાયોવાળું હોય તે–

સત્ હોય, અને ઉત્પાદ–વ્યય–ધ્રુવવાળું હોય.

આવા જ લક્ષણવાળું વસ્તુસ્વરૂપ છે. જો આમ ન હોય તો વસ્તુ જ ન હોઈ શકે, તે સમજાવે છેઃ–

❈ सत् द्रव्यलक्षणम् ❈

જો વસ્તુમાં સતપણું ન હોય તો–ઉત્પાદ–વ્યય–ધ્રુવતા કે ગુણ–પર્યાય શેમાં રહે?

સત્ વસ્તુ નિત્ય–અનિત્યસ્વરૂપ હોય છે; તેમાં નિત્યતા કહેતાં ધ્રૌવ્ય જાહેર થાય છે ને અનિત્યતા કહેતાં ઉત્પાદ–વ્યય જાહેર થાય છે, એ રીતે સત્‌ને ઉત્પાદ–વ્યય–ધ્રુવપણું પણ છે.

તથા ઉત્પાદ–વ્યય–ધ્રુવ–તેમાં ધ્રુવ કહેતાં ગુણો, અને ઉત્પાદ–વ્યય કહેતાં પર્યાયો, તે ગુણ–પર્યાયો સાથે વસ્તુનું એકપણું દર્શાવે છે એટલે કે વસ્તુને ગુણપર્યાયવાળી જાહેર કરે છે. આમ 'સત્' કહેતાં ત્રણે લક્ષણો એક સાથે જાહેર થાય છે એટલે કે જ્ઞાનમાં આવે છે. 'સત્' ને પોતાના ગુણ–પર્યાયની સાથે એકતા છે, પણ બીજાના

ગુણ-પર્યાય સાથે એકતા નથી. વસ્તુના ઉત્પાદ-વ્યય-ધ્રુવ કોઈ બીજાને જાહેર નથી કરતા, પરને જાહેર નથી કરતા, પણ પોતાના ગુણ-પર્યાયો સાથે જ એકતાને જાહેર કરે છે. પરથી તો જુદાપણું જાહેર કરે છે. આવું ભેદજ્ઞાન કરીને સ્વસન્મુખ થવું તે તાત્પર્ય છે.

❈ उत्पाद–व्यय–ध्रौव्ययुक्तं सत् ❈

હવે જેમ દ્રવ્યને 'સત્' કહેતાં બાકીનાં બે લક્ષણ પણ તેમાં આવી જાય છે, તેમ દ્રવ્યને ઉત્પાદ-વ્યય-ધ્રુવલક્ષણવાળું કહેતાં તેમાં પણ બાકીનાં બે લક્ષણ આવી જાય છે. ધ્રુવપણું કહેતાં નિત્યતા આવી, ને ઉત્પાદ-વ્યય કહેતાં અનિત્યતા આવી; એ રીતે નિત્ય-અનિત્યસ્વરૂપ પારમાર્થિક સત્ જણાય છે.

તેમજ, ધ્રુવપણું ગુણાંશ-અપેક્ષાએ છે ને ઉત્પાદ-વ્યયપણું પર્યાય-અપેક્ષાએ છે; એ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ વસ્તુમાં ગુણ-પર્યાયો પણ જાહેર થાય છે. ગુણ-પર્યાય વડે જ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ વસ્તુનું સ્વરૂપ ઓળખાય છે, તેથી ગુણ-પર્યાય તે વસ્તુના સ્વરૂપની પ્રાપ્તિમાં કારણભૂત છે. ગુણ વડે ધ્રુવતાની પ્રાપ્તિ છે ને પર્યાય વડે ઉત્પાદ-વ્યયની પ્રાપ્તિ છે. વસ્તુને ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળી કહેતાં તે ગુણ-પર્યાયવાળી છે એમ પણ આવી જ જાય છે. ગુણ-પર્યાયો વગર ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ થઈ શકે નહીં. આ રીતે, વસ્તુને ઉત્પાદ-વ્યય-ધ્રુવ લક્ષણવાળી કહેતાં તેમાં બાકીનાં બે લક્ષણો ( સત્પણું અને ગુણ-પર્યાય ) પણ આવી જાય છે.

❈ गुण–पर्ययवत् द्रव्यम् ❈

હવે, જેમ સત્ કહેતાં બાકીનાં બે લક્ષણ પણ આવી જાય છે, અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહેતાં પણ બાકીનાં બે લક્ષણ પણ આવી જાય છે, તેમ વસ્તુને ગુણ-પર્યાયવાળી કહેતાં તેમાં પણ બાકીનાં બે લક્ષણો ( સત્પણું અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ ) પણ આવી જાય છે. વસ્તુમાં અન્વયરૂપ ગુણો તો ધ્રુવતા સૂચવે છે, અને વ્યતિરેકરૂપ પર્યાયો ઉત્પાદ-વ્યયને સૂચવે છે, આ રીતે ગુણ-પર્યાયો તે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ વસ્તુ જણાવે છે. ધ્રુવતા વગર ગુણ ન હોય, ને ઉત્પાદ-વ્યય વગર પર્યાયો ન હોય.


વળી ગુણ-પર્યાયમાં, ગુણ તે તો કાયમ ટકનાર નિત્ય છે, અને પર્યાયો ક્ષણે ક્ષણે ઉત્પત્તિ-વિનાશરૂપ અનિત્ય છે; એ રીતે નિત્ય-અનિત્ય સત્ વસ્તુને ગુણ-પર્યાયો પ્રસિદ્ધ કરે છે.

આમ વસ્તુમાં ત્રણે લક્ષણ એક સાથે છે–સત્‌પણું, ઉત્પાદ–વ્યય–ધ્રુવપણું અને ગુણ–પર્યાયવંતપણું. ત્રણમાંથી કોઈ પણ પ્રકાર દ્વારા વસ્તુને લક્ષમાં લેતાં ત્રણે પ્રકારનાં લક્ષણ તેમાં આવી જ જાય છે; એવું જ વસ્તુસ્વરૂપ છે. અહો, અલૌકિક વસ્તુ સ્વરૂપ સર્વજ્ઞદેવે જૈનશાસનમાં પ્રસિદ્ધ કર્યું છે.

ઉત્પાદ–વ્યય–ધ્રુવને દ્રવ્યનું લક્ષણ કહ્યું; તે લક્ષણને બે નયોથી વિભક્ત કરીને કહે છે કે ધ્રુવપણું તો દ્રવ્યાર્થિકનયથી છે, ને ઉત્પાદ–વ્યય તે પર્યાયાર્થિકનયથી છે. સત્‌ને ઉત્પાદ–વ્યય વગરનું કહેવું, તેને જ વળી ઉત્પાદ–વ્યયવાળું કહેવું,–તેમાં શું વિરોધ છે? ના; આ બધું નિરવદ્ય છે, નિર્બાધ છે, કેમકે દ્રવ્ય અને પર્યાયોનું અભિન્નપણું છે, તેથી એક જ વસ્તુમાં બે નયવડે એ બંને પ્રકાર સંભવે છે, તેમાં કાંઈ વિરોધ નથી. વસ્તુના સહવર્તી પર્યાયો એટલે કે સહવર્તી અંશો, એટલે કે ગુણો, તેની અપેક્ષાએ દ્રવ્યને ધ્રુવતા છે, અનાદિ અનંત સત્‌ એવું દ્રવ્ય તેને ઉત્પત્તિ કે વિનાશ નથી. અને ક્રમવર્તી પર્યાયોની અપેક્ષાએ વસ્તુમાં ઉત્પાદ–વ્યય છે. ઉત્પાદ–વ્યય ને ધ્રુવ તે પર્યાયોનાં (ભેદોનાં) છે, અને તે બધા પર્યાયોને દ્રવ્યથી અભિન્નપણું છે, તેથી દ્રવ્ય ઉત્પાદ–વ્યય–ધ્રુવ લક્ષણવાળું છે.

દ્રવ્ય કદી પર્યાય વિનાનું હોતું નથી; પર્યાય કદી દ્રવ્ય વિનાની હોતી નથી. દ્રવ્ય અને પર્યાય બંને એક અસ્તિત્વમાં જ રહેલાં છે, એટલે વસ્તુપણે તેમને અભેદ છે. આવું અસ્તિત્વ તે વસ્તુનો સ્વભાવ છે.

દ્રવ્ય કદી પર્યાય વગરનું હોતું જ નથી એવું સત્‌નું સ્વરૂપ છે, તો પછી દ્રવ્યની પર્યાય બીજાને લીધે થાય એ વાત ક્યાં રહી? અથવા નિમિત્ત ન આવે તો પર્યાય ન થાય એ વાત ક્યાં રહી? દ્રવ્ય સત્‌ હોય તે પર્યાય સહિત જ હોય, પર્યાય વગર દ્રવ્ય હોય નહીં. એ જ રીતે પર્યાય કદી દ્રવ્ય વગર હોતી નથી. પર્યાય 'દ્રવ્ય વગર ન હોય'–એમ કહ્યું પણ પર્યાય 'નિમિત્ત વગર ન હોય' એમ ન કહ્યું. પોતાની પર્યાય માટે પર સામે જોવાનું ન રહ્યું, પરથી ભિન્ન પોતાના દ્રવ્યને જોવાનું રહ્યું. અહો, સર્વજ્ઞદેવે કહેલું તત્ત્વજ્ઞાન અપૂર્વ ભેદજ્ઞાન કરાવીને, સ્વસન્મુખતા અને વીતરાગતા કરાવે છે.



# આ છે વીતરાગી જૈનસિદ્ધાંત–

**જે બંધનનું કારણ સમજાવીને તેનાથી છોડાવે છે; અને મોક્ષનું કારણ બતાવીને તે પ્રગટ કરાવે છે.**

* આત્મા ઉપયોગસ્વરૂપ છે. તે ઉપયોગમાં એકતારૂપ અનુભવ તે સુખ છે; અને તે મોક્ષનું કારણ છે.
* ઉપયોગને ભૂલીને રાગાદિ પરભાવોમાં એકતાનો અનુભવ તે દુઃખ છે; અને તે સંસારનું કારણ છે.
* બહારના અનુકૂળ–પ્રતિકૂળ સંયોગ તે સુખ–દુઃખનું કારણ નથી. પોતાના અજ્ઞાનભાવથી જ જીવ દુઃખી થાય છે, ને પોતાના વીતરાગભાવથી જ જીવ સુખી થાય છે.
* હવે બહારનો જે અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગ છે તે પણ બીજો જીવ આપી શકતો નથી, જીવના પોતાના શુભ–અશુભ કર્મના ઉદયઅનુસાર જ તે સંયોગ મળે છે.
* એક જીવ એમ માને કે હું બીજા જીવને અમુક સંયોગ આપીને તેને સુખી કે દુઃખી કરી દઉં,–તો એમ માનનાર જીવ અજ્ઞાની છે. પરને સુખી–દુઃખી કરવાના શુભાશુભ ભાવ સાથે જે એકત્વબુદ્ધિ છે તે અજ્ઞાન છે, તે બંધનું કારણ છે, ને તે સંસારનું મૂળ છે.
* પરજીવનું જીવન કે મરણ તેના આયુઅનુસાર થાય છે; છતાં તેનું જીવન કે મરણ મેં કર્યું–એમ અજ્ઞાની માને છે. એ જ રીતે મારા જીવન–મરણને બીજો કરે એમ પણ અજ્ઞાની માને છે.
* હવે પરને મારવા–જીવાડવાનું, કે દુઃખી–સુખી કરવાનું તો જીવ કરી શકતો નથી; પણ હું તેને મારું–જીવાડું અથવા દુઃખી–સુખી કરું એવા જે પાપ કે પુણ્યના પરિણામ, તે પરિણામ સાથે ઉપયોગને એકમેક માનીને, અજ્ઞાની ઉપયોગને મલિન કરે છે, તે મલિન ઉપયોગરૂપ અધ્યવસાન જ બંધનનું કારણ છે.
* ઉપયોગ તે જીવનો નિર્દોષ વીતરાગસ્વભાવ છે; તે ઉપયોગમાં પાપનું કર્તાપણું માને તે તો મિથ્યાત્વ છે, ને ઉપયોગમાં પુણ્યનું કર્તાપણું માને તો તે પણ મિથ્યાપણું જ છે, ને તે પણ બંધનું જ કારણ છે, સંસારનું જ કારણ છે.

* પુણ્ય અને પાપ બંનેથી જુદો જે શુદ્ધ ઉપયોગ છે તે જ મોક્ષનું કારણ છે.
* પુણ્ય કે પાપ બંને પરદ્રવ્યના આશ્રયે થાય છે, તે પરાશ્રિતભાવો છોડવા જેવા છે;
* સ્વાશ્રિત એવા શુદ્ધ રત્નત્રયભાવ તે મોક્ષમાર્ગ છે, તે જ આદરણીય છે.
* જેટલા વ્યવહારભાવો છે તે તો બધાય પરદ્રવ્યને આશ્રિત છે; નિશ્ચયરૂપ મોક્ષમાર્ગ તો શુદ્ધ સ્વદ્રવ્યના જ આશ્રયે છે, તેમાં પરદ્રવ્યનો આશ્રય જરાપણ નથી.
* માટે હે ભાઈ! પરને સુખી–દુઃખી કરવાની કે જીવાડવા–મારવાની મિથ્યાબુદ્ધિ તો છોડ, અથવા પરથી મને સુખ–દુઃખ કે બંધ–મોક્ષ વગેરે થાય–એવી મિથ્યાબુદ્ધિ તો છોડ; ને શુભાશુભ સર્વપ્રકારના રાગભાવો સાથે જ્ઞાનની એકત્વ બુદ્ધિરૂપ મિથ્યાત્વને પણ છોડ. જે શુદ્ધ ઉપયોગરૂપ આનંદમય ચૈતન્યભૂમિ, તેમાં જ તન્મય થઈને આત્માને અનુભવમાં લે; તે જ મોક્ષનું કારણ છે.

(સમયસાર–બંધઅધિકાર)

*****

# જૈનસિદ્ધાંતના પંચશીલ

(૧) આત્મા ઉપયોગસ્વરૂપ છે, તે ઉપયોગરૂપે જ રહે ને પરભાવરૂપ ન પરિણમે, એનું નામ ધર્મ છે.

(૨) ઉપયોગસ્વરૂપ આત્મા પોતાથી ભિન્ન બીજા કોઈ પણ જડ કે ચેતન પદાર્થના કોઈપણ કાર્યને કરી શકતો નથી.

(૩) ઉપયોગસ્વરૂપ આત્મા પોતાની શુદ્ધતાને ભૂલીને, પુણ્ય કે પાપરૂપ પોતાને માનીને તે ભાવનો કર્તા થાય છે, તે અજ્ઞાન છે, અધર્મ છે.

(૪) જ્ઞાની પોતાને પરથી જુદો ને પુણ્ય–પાપથી જુદો ઉપયોગસ્વરૂપ અનુભવે છે એટલે તે પરદ્રવ્યનો કે પરભાવનો કર્તા થતો નથી, તેમાં મગ્ન થતો નથી. ને અજ્ઞાની પોતાને પર દ્રવ્યનો તથા પરભાવનો કર્તા માનીને તેમાં જ મગ્ન રહે છે.

(૫) આમ જાણીને હે જીવ! તું અજ્ઞાન અને અધર્મથી છૂટવા માટે પરદ્રવ્ય તથા પરભાવોને તારા ચૈતન્યસ્વરૂપથી જુદા જાણીને તેમનું કર્તૃત્વ છોડ; અને ઉપયોગ–સ્વરૂપ આત્માને ઓળખીને તેમાં તન્મય થા.

*****

# -હિંસા અને અહિંસા-

પ્રશ્નઃ– હું પરજીવને મારી શકું છું–એમ જીવ માને તો શું થાય છે?

ઉત્તરઃ– એ માન્યતા વડે જીવના પોતાના વિશુદ્ધ ચૈતન્યપ્રાણ તો હણાય જ છે એટલે આત્મહિંસા તો થાય જ છે, પરજીવની હિંસા તો તેના આયુષ્ય અનુસાર થાય કે ન થાય, તેની સાથે આને સંબંધ નથી. આ જીવે રાગ–દ્વેષ વગરના પોતાના ચૈતન્યજીવનને ન જાણ્યું ને રાગ સાથે એકતાબુદ્ધિ વડે પોતાના ચૈતન્યપ્રાણને પોતે હણ્યા, તે જ હિંસા છે.

પ્રશ્નઃ– તે આત્મહિંસા કેમ અટકે?

ઉત્તરઃ– હું ચૈતન્યભાવ જ છું, ચૈતન્યપ્રાણથી શાશ્વતજીવન જીવનારો હું છું; મારા ચૈતન્યભાવમાં બીજાનું તો કાર્ય નથી, ને રાગાદિ ભાવો પણ મારા ચૈતન્યનું કાર્ય નથી, –એમ શુદ્ધ ચૈતન્યભાવરૂપે જ પોતાને જાણવો–અનુભવવો, તે અહિંસાધર્મ છે, તેમાં પોતાના ચૈતન્યપ્રાણની રક્ષા છે.

પ્રશ્નઃ– પરજીવને મારવાના ભાવ તો દૂર રહો, પણ પરજીવોને હું બચાવી દઉં–એમ માને તો શું થાય?

ઉત્તરઃ– તો એમાં પણ તે મિથ્યામાન્યતા વડે જીવના પોતાના વિશુદ્ધ ચૈતન્યપ્રાણ તો હણાય છે. જીવ ચેતનભાવરૂપ છે, તેનું કામ ચેતવાનું એટલે કે જાણવાનું જ છે; તેને બદલે પરનો સ્વામી થઈને, પોતાના ચેતનભાવમાં પરજીવના જીવનનું સ્વામીત્વ માને છે, તથા પરને બચાવવાના રાગનું કાર્ય ચેતનમાં માને છે, તે રાગવગરના પોતાના ચેતનપ્રાણને હણીને હિંસા કરે છે, તે અધર્મ છે.

પ્રશ્નઃ– તે અધર્મ અને હિંસા કેમ છૂટે?

ઉત્તરઃ– શુભરાગથી પણ જુદો ચૈતન્યભાવ જ હું છું, મારા ચૈતન્યને ટકવા માટે, જીવવા માટે રાગની જરૂર નથી, એટલે ચૈતન્યને રાગ સાથે એકપણું નથી; ચૈતન્યપ્રાણથી શાશ્વત જીવનારો હું છું, રાગથી હું જીવનારો નથી. પરને

બચાવવાનું કે શુભરાગ કરવાનું કામ મારા ચૈતન્યમાં નથી–એમ શુદ્ધ ચૈતન્યભાવરૂપે જ આત્માને જાણવો–અનુભવવો તે અહિંસા ધર્મ છે, તેમાં ચૈતન્યજીવનની રક્ષા છે.

હિંસાનો ભાવ કે દયાનો ભાવ ચૈતન્યમાંથી નથી નીકળતો; હિંસાનો પાપભાવ કે દયાનો પુણ્યભાવ, તે બંને ભાવો ચૈતન્યભાવથી વિરુધ્ધ જાતના છે, એ વિરુધ્ધભાવોનું કામ ચૈતન્યમાં માનવું તે ચૈતન્યની હિંસા છે. અને તે વિરુધ્ધભાવોથી જુદો રાખીને આત્માને ચૈતન્યપણે ટકાવી રાખવો તે અહિંસા છે.

પરમ અહિંસા ધર્મને માટે આ જૈનસિદ્ધાંત છે કે–

શુભ કે અશુભ કોઈપણ રાગનું કર્તૃત્વ તે હિંસા છે;
વીતરાગી–ચેતનભાવે આત્માનું રહેવું તે અહિંસા છે.
આવી અહિંસા તે મોક્ષનું કારણ છે, તેથી તે પરમ ધર્મ છે.

**અહિંસા ધર્મનો જય હો.**

卐

## મોક્ષને સાધવામાં મદદ કરે તે સાચો મિત્ર

પ્રશ્નઃ– પુણ્યના કારણરૂપ શુભરાગ તે આત્માનો સાચો મિત્ર છે કે દુશ્મન ?

ઉત્તરઃ– તે શુભરાગ આત્માને મોક્ષ પામતો અટકાવે છે; તેથી જે જીવ મોક્ષ સાધવા માંગે છે તેને તો તે રાગ શત્રુસમાન છે; તેનો નાશ કરીને જ મોક્ષ પમાય છે.

આત્માને પોતાનું મોક્ષકાર્ય સાધતાં જે રોકે તેને મિત્ર કેમ કહેવાય ? આત્માના સાચા મિત્ર તો સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર જ છે–કે જે મોક્ષકાર્ય સાધવામાં મદદ કરે છે.

# વૈરાગ્ય સમાચાર...

## –નવ કાળ મૂકે કોઈને...

મનુષ્યનું જીવન લાંબુ હો કે ટૂંકુ–પણ એવું ઉત્તમ જીવન જીવવું કે જેથી આત્માનું હિત થાય. આયુષ્ય કાંઈ આત્માનું નથી, અનાદિ અનંત આત્માને આયુષ્યની મર્યાદા શી ? જીવ સદાય જીવે તો છે,–પણ એ જીવન આનંદમય છે કે દુઃખમય ? તે જોવાનું છે. જગતથી ભિન્ન એવા નિજાત્માના જ્ઞાનબળે આનંદમય જીવન જીવાય છે; એવા જ્ઞાન વગરનું દુઃખમય જીવન, તેને જ્ઞાનીઓ ખરૂં જીવન નથી કહેતા પણ ભાવમરણ કહે છે. બાકી મનુષ્યશરીરમાં ( કે ચાર ગતિમાંથી કોઈપણ ગતિમાં ) રહેવાનો કાળ તો મર્યાદિત જ હોય, સંસારમાં કોઈ ગતિ સ્થિર નથી; સ્થિર તો સિદ્ધગતિ છે કે જે ધ્રુવસ્વભાવને અવલંબનારી છે. આવા લક્ષની પુષ્ટિ થાય, ને સંસારની ક્ષણભંગુરતા જીવને લક્ષગત રહ્યા કરે એટલે વૈરાગ્યપૂર્વક આત્મહિતમાં તે ઉદ્યમી રહે, તે હેતુથી આત્મધર્મમાં વૈરાગ્યસમાચારો અપાય છે.

માગશર વદ બીજના રોજ લીંબડીવાળા ભાઈશ્રી મનસુખલાલ જાદવજી કોઠારીનો એકનો એક પુત્ર શિરિષકુમાર ૧૯ વર્ષની યુવાનવયે ભાવનગર મુકામે સ્વર્ગવાસ પામી ગયો. નાકના હાડકાની સહેજ તકલીફનું ઓપરેશન કરાવવા ઈસ્પિતાલમાં ગયેલા, ત્યારે કલોરોફોર્મ સુંઘાડયા બાદ તરત જ કંઈક થઈ જતાં તેમનો સ્વર્ગવાસ થઈ ગયો. છ બહેનો વચ્ચે તે એક જ ભાઈ હતો, ને કોલેજમાં કોમર્સના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. આવા યુવાનનું આ પ્રકારે એકાએક અવસાન થતાં તેમના કુટુંબને ખુબ આઘાત થાય તે સહજ છે, પરંતુ વૈરાગ્ય અને તત્ત્વજ્ઞાનના સંસ્કાર એ જ સમાધાનનો ઉપાય છે. આ સંસારમાં આવા પ્રસંગો ન બને તો બીજે ક્યાં બને ? પણ આવા સર્વ પ્રસંગોમાં જીવને શાંતિ આપવા માટે માત્ર “સમાધાન” એ જ પરમ ઔષધ છે.

હજી આ વૈરાગ્યજનક પ્રસંગની ચર્ચા ઘર ઘર ચાલતી હતી ત્યાં તો એકાએક એવા જ બીજા સમાચાર આવી પડયા–

ભાવનગર મુકામે ભાઈશ્રી શાંતિલાલ ખીમચંદ માગશર વદ છઠ્ઠ તા. ૩૦–૧૨–૬૯ના રોજ મધરાત્રે એકાએક હાર્ટફેલથી સ્વર્ગવાસ પામી ગયા. છઠ્ઠની રાતના

**કાયાની વિસારી માયા...સ્વરૂપે સમાયા એવા...**
**નિર્ગ્રંથનો પંથ...ભવ અંતનો ઉપાય છે.**

૮ વાગ્યા સુધી તો તેઓ સોનગઢમાં હતા; સાંજે સાડા છ વાગે ગુરુદેવના દર્શન કર્યા; ભાવનગર જિનમંદિર અને પંચ કલ્યાણક ઉત્સવ સંબંધી કેટલીયે ચર્ચા-વિચારણા કરી, ને રાતની બસમાં ભાવનગર પહોંચ્યા; ત્યાં ગયા બાદ બારેક વાગતાં છાતીમાં એકાએક દુઃખાવો ઉપડયો ને થોડીવારમાં તેઓ સ્વર્ગવાસ પામી ગયા. છઠની રાત સુધી સૌએ સોનગઢમાં બોલતા ચાલતા જોયેલા ને સાતમની સવાર પડતાં પહેલાં તો સ્વર્ગવાસના ખબર સાંભળતાં સૌ સ્તબ્ધ થઈ ગયા. સ્વર્ગસ્થ શાંતિભાઈ ભાવનગર મુમુક્ષુ મંડળના એક ટ્રસ્ટી તેમજ ઉત્સાહી કાર્યકર હતા; સોનગઢ સંસ્થાની કમિટિમાં પણ તેઓ એક સભ્ય હતા, ને હિસાબી કામ વગેરેમાં દેખરેખ રાખતા હતા. ઘણાં વર્ષોથી અવારનવાર સોનગઢ આવીને તેઓ ગુરુદેવના પ્રવચન વગેરેનો ભક્તિથી લાભ લેતા હતા. તેમના સ્વર્ગવાસના સમાચાર સાંભળીને ગુરુદેવ આખો દિવસ વૈરાગ્યના ઉદ્ગારો કાઢતા હતા કે આવું ક્ષણભંગુર આ શરીર,-આવા પ્રસંગો દેખીને પણ જીવોને કેમ વૈરાગ્ય નહીં થતો હોય ? અત્યારે તો આત્માનું કરી લેવા જેવું છે.

આવો જ વૈરાગ્યનો એક ત્રીજો બનાવ અમદાવાદ મુકામે થોડા દિવસ પહેલાં બની ગયો.-

* ધ્રાંગધ્રા નિવાસી શાહ અમૃતલાલ પદમશી ( માથકિઆ ) કારતક વદ ૧૧ના રોજ, અમદાવાદથી ગાંધીનગર જતાં મોટર-ટ્રકના અકસ્માતમાં સળગી જતાં એકાએક સ્વર્ગવાસ પામ્યા. તેમની ઉંમર માત્ર ૩૮ વર્ષની હતી. કોંગ્રેસના અધિવેશનના મેળામાં ધંધા માટે જતાં ઘેર કહી ગયેલા કે હું બે દિવસે પાછો આવીશ. પણ કોને ખબર હતી કે તેઓ કદી જ પાછા નહીં આવે ! તેઓ રીક્ષાને બદલે મોટરટ્રકની સગવડ મળી જતાં તેમાં બેસીને ગાંધીનગર જતા હતા, ત્યાં એકાએક ટ્રકની ટાંકી સળગી ઊઠી, ને તેમાં બેઠેલા ત્રણ ચાર જણની સાથે તેઓ પણ દાઝી જઈને સ્વર્ગવાસ પામી ગયા.

અત્યંત વૈરાગ્યપ્રેરક આ બનાવમાં બીજી કરુણતા એ છે કે ભાઈ અમૃતલાલના મૃતદેહને જે ઈસ્પિતાલમાં લઈ જવાયેલો તે ઈસ્પિતાલ તેમના ઘરની સામે જ આવેલી હતી, ને ત્યાં વણઓળખાયેલો તેમનો મૃતદેહ ત્રણ દિવસ પડી રહ્યો હતો; ને પછી તો તેની અંતિમ વ્યવસ્થા પણ થઈ ગઈ હતી. ત્રણ દિવસ થવા છતાં તે ઘેર ન આવ્યા

તેથી ઘરમાં ચિંતા થઈ ને અંતે તપાસ કરાવતાં તેમના કપડાં ઉપરથી ઓળખીને નક્કી થયું કે અકસ્માતમાં મરનારાઓમાં તેઓ પણ હતા. એ ખબર પડતાં જ હાહાકાર મચી ગયો.

સ્વર્ગસ્થ અમૃતલાલની માતા ઘેલીબેન તદ્દન સાધારણ સ્થિતિના હોવા છતાં અનેક વર્ષોથી સોનગઢ રહીને લાભ લે છે. તેમના બે પુત્રોમાંથી એક પુત્રનું તો બે વર્ષ પહેલાં અમદાવાદમાં ખૂન થઈ ગયેલું, કોઈ દુષ્ટ જીવોએ તેને જીવતો સળગાવી નાંખેલ; એનો આઘાત હજી માંડ માંડ ભૂલાયો હશે ત્યાં તો બીજો પુત્ર પણ આ રીતે અકસ્માતમાં સળગી ગયો, એ કરુણ બનાવ છે. આજથી ૨૭ વર્ષ પહેલાં (સંવત ૧૯૯૯–૨૦૦૦માં) સોનગઢમાં ભાઈઓના બ્રહ્મચર્યાશ્રમમાં દસેક વિદ્યાર્થી બાળકો અભ્યાસ કરતા હતા, તેમાં સ્વર્ગસ્થ અમૃતલાલ પણ હતો, અને બે–ત્રણ વર્ષ સોનગઢ રહીને તેણે ધાર્મીક અભ્યાસ કરેલ હતો. તે વખતે (સ્વર્ગસ્થ) શેઠ શ્રી મોહનલાલ કાળીદાસને પણ તત્ત્વનો અભ્યાસ કરાવવા અવારનવાર તે તેમની પાસે જતો. સોનગઢ છોડીને ધંધા માટે અમદાવાદ ગયા પછી પણ અવારનવાર તે સોનગઢ આવતો હતો.

* ભાઈશ્રી છોટાલાલ નારણદાસ ઝોબાલિયા (નાગનેશવાળા) માગશર વદ બીજ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા વર્ષોથી સોનગઢમાં રહીને લાભ લેતા હતા. તેઓ ગુરુદેવના જુના પરિચિત હતા, અને જ્યારે સ્થાનકવાસી દીક્ષાનો ઉત્સવ ઉમરાળામાં થયો ત્યારે પણ તેઓ તેમાં હાજર હતા. જુની રુઢીના હોવા છતાં ગુરુદેવના પ્રભાવથી તેમણે સત્યધર્મ સ્વીકાર કર્યો ને તેમને લીધે તેમના વિશાળ પરિવારમાં પણ સત્યધર્મના સંસ્કાર રેડાયા. છોટાબાપા સોનગઢ–સમિતિની વ્યવસ્થા પણ અગાઉ સંભાળતા; તેઓ શાસ્ત્રવાંચન પણ કરતા, તેમજ ખૂબ વૃદ્ધાવસ્થા છતાં ૮૯ વર્ષની ઉંમરે પણ ગુરુદેવના પ્રવચનનો લાભ લેતા હતા.

* વીંછીયાના ભાઈશ્રી ફૂલચંદ લહેરચંદ અજમેરાના ધર્મપત્ની અજવાળીબેન કારતક સુદ ૧૧ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. ભક્તિપૂર્વક અવારનવાર તેઓ ગુરુદેવના સત્સંગનો લાભ લેતા હતા.

* ગોંડલ મુમુક્ષુમંડળના ઉપપ્રમુખ ભાઈશ્રી ઝીકુલાલ બાલાચંદ ગોંડલ મુકામે માગશર સુદ ૧૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ગોંડલ મુમુક્ષુ મંડળના કામકાજમાં તેમનો ઉત્સાહભર્યો સહકાર હતો.

–સ્વર્ગસ્થ બધા જીવો વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મહિત પામો એમ ભાવના ભાવીએ છીએ; અને તેમના કુટુંબીજનો આ પ્રસંગને માત્ર દુઃખનું નિમિત્ત ન બનાવતાં વૈરાગ્યપૂર્વક સંસારનું સ્વરૂપ વિચારીને, પોતાના આત્માને આત્મહિતના પંથે વાળે–એમ ઈચ્છીએ છીએ. બંધુઓ, ગુરુદેવે આત્માનું એવું ઉત્તમ સ્વરૂપ આપણને બતાવ્યું છે કે જેના લક્ષે ગમે તેવી પરિસ્થિતિમાં પણ સમાધાન અને શાંતિ રાખી શકાય છે. એ લક્ષને આપણે ક્યારેય ન ચુકીએ અને વીરતાપૂર્વક વૈરાગ્યમાર્ગમાં આગેકૂચ કરીએ.

ગુરુદેવ જડ–ચેતનની ભિન્નતા અને આત્માનું અવિનાશીપણું સમજાવીને જે ભેદજ્ઞાન ઘૂંટાવી રહ્યા છે–તેના પ્રતાપે જિજ્ઞાસુઓનું જીવન તો પલટી જાય છે, ને મરણ પણ સુધરી જાય છે. ભાવમરણથી બચાવીને આનંદમય આત્મજીવનનો માર્ગ ગુરુદેવ બતાવી રહ્યા છે. ‘આત્મા તો અવિનાશી છે, દેહથી ભિન્ન છે’–એવા પ્રકારના ગુરુદેવના ઉપદેશના સંસ્કાર વડે જેણે પોતાનું જીવન સીંચ્યું છે તે મુમુક્ષુના જીવનમાં તો કોઈ મહાન પલટો આવી જાય છે અને મૃત્યુપ્રસંગ પણ એવા અનેરા પ્રકારે થતા હોય છે કે જે દેખીને લોકો આશ્ચર્યમાં પડી જાય છે. મુમુક્ષુને માટે મૃત્યુ એ મોટો ‘હાઉ’ નથી પણ જાણે કે ધર્મના ઉત્સવનો કોઈ પ્રસંગ છે, એવી અત્યંત સાહજિકતાથી, અંતિમઘડી સુધી દેવ–ગુરુ–ધર્મને યાદ કરતા કરતા, કે તત્ત્વનું ચિન્તન કરતાં દેહ છોડીને બીજે ચાલ્યા જાય છે. એટલું જ નહિ, પાછળના જિજ્ઞાસુઓ પણ મૃત્યુ પાછળ, (કોઈવાર તો ભરયુવાન વયે મૃત્યુ હોય તોપણ) કલ્પાંત કે કકળાટ ન કરતાં અત્યંત ધૈર્ય રાખીને તત્ત્વના વાંચન–વિચાર વડે વૈરાગ્યનું બળ વધારે છે; તેને આશ્વાસન આપવા આવનારા બીજાઓ તેનું ધૈર્ય દેખીને, તેને આશ્વાસન આપવાને બદલે ઊલટા તેની પાસેથી આશ્વાસન પામે છે. તીવ્ર દર્દમાં કે અત્યંત ગંભીર ઓપરેશન વખતેય જિજ્ઞાસુઓ જે ધૈર્ય રાખે છે તે દેખીને કેટલાક દાકતરો પણ આશ્ચર્ય પામે છે. શ્વેતામ્બર સમાજના એક પ્રસિદ્ધ સાધુ પણ એક વખત તો બોલેલા કે આ સોનગઢવાળા લોકોનું મરણ પણ જુદી જાતનું થાય છે! બીજા એક ભાઈ કહેતા કે સમાધિમરણ કરતાં શીખવું હોય તો સોનગઢ જાઓ. બીજા અનેકવિધ પ્રતિકૂળ પ્રસંગોએ તો ઠીક પરંતુ મૃત્યુ જેવા પ્રસંગે પણ આ પ્રકારના ધાર્મીક સંસ્કારોની જાગૃતિ અને શાંતપરિણામ રહેવા તે ગુરુદેવે આપેલા વીતરાગી તત્ત્વજ્ઞાનને લીધે મુમુક્ષુને અત્યંત સુગમ બને છે. ગુરુદેવ ઘણીવાર કહે છે કે ભાઈ, આ અપૂર્વ ચૈતન્યતત્ત્વ જે સમજીને અનુભવમાં લેશે તેની તો શી વાત! પરંતુ આ તત્ત્વનું

લક્ષ કરીને તેના હકારના સંસ્કાર જે પાડશે તેને પણ બીજા ભવમાં તે સંસ્કાર ઊગીને આત્માનું પરમ હિત કરશે. ખરેખર, પરભવમાં એ સંસ્કાર નહિ ભૂલાય, તેમ એ સંસ્કારદાતા ગુરુદેવનો ઉપકાર પણ નહિ ભૂલાય.

(જિજ્ઞાસુઓને વૈરાગ્યની પૃષ્ટિ માટે ગતાંકમાં પ્રગટ થયેલ "વૈરાગ્યસંબોધન" લેખ પણ ફરીફરી વાંચવા ભલામણ છે–સં.)

### ૧૧ વર્ષનો બાળક

સોનગઢમાં ૧૧ વર્ષનો એક બાળક ગુરુદેવના પ્રવચનો સાંભળીને હોંશથી બોલ્યો કે આવી વાત તો મહાન ભાગ્યશાળી હોય તેને સાંભળવા મળે. (એનું નામ દિલીપ.)

આજે નાના બાળકો પણ આ રીતે તત્ત્વજ્ઞાનમાં રસ લઈ રહ્યા છે તે આનંદની વાત છે. અને બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કાર કેટલા ઉપયોગી છે તે સિદ્ધ કરે છે. બાલવિભાગની શરૂઆતમાં કેટલાક સજ્જનો કહેતા કે નાના છોકરાં આ વાતમાં શું સમજે! તેનો આ જવાબ છે. આજે અઢી હજારથી વધુ બાળકો ખૂબ જ ઉત્સાહથી તત્ત્વજ્ઞાનમાં રસ લઈ રહ્યા છે...એટલું જ નહીં, બાળકોને સમજાય એવા તત્ત્વજ્ઞાનના પુસ્તકો માટે ખૂબ જ માંગણી કરી રહ્યા છે. ગુરુદેવ પણ કહે છે કે નાના છોકરાઓ ભાગ્યશાળી છે કે નાની વયમાં આવી સત્ય વાત રસથી સાંભળે છે.

### "જૈન બન્યા"

દાહોદના એક વયોવૃદ્ધ જિજ્ઞાસુભાઈ કહેતા હતા કે અમે તો 'આત્મધર્મ' વાંચીને જૈન બન્યા છીએ. ગુરુદેવે સમજાવેલું જૈનધર્મનું સાચું સ્વરૂપ આત્મધર્મ દ્વારા વાંચીને અમે સાચા જૈન બન્યા. ત્યાર પહેલાં જૈનધર્મ શું છે તેની અમને ખબર ન હતી.

### –દ્યો બચ્ચાને જ્ઞાન

માગશર સુદ ૧૨ ના રોજ મોરબીની રાષ્ટ્રિયશાળાના મુખ્ય બહેન બ્ર. વિદુબેન અને તેમની શાળાના બાળકો સોનગઢ ગુરુદેવના દર્શનાથે આવ્યા હતા અને એક કલાક સુધી નાના બાળક–બાળિકાઓએ ભક્તિનો કાર્યક્રમ રજુ કર્યો હતો. આ પ્રસંગે ઈનામમાં મળેલી પાંચસો રૂા. જેટલી રકમ પણ આગમમંદિરમાં અર્પણ કરી હતી.

બાળકોને નાનપણથી ઉત્તમ સંસ્કાર આપવામાં આવે તે ખૂબ ઉપયોગી છે. તેમાં પણ ધાર્મીક જ્ઞાનના સંસ્કારો તો અત્યંત જરૂરી છે. જેટલી જરૂર મંદિરોની છે એટલી જ જરૂર ધાર્મીકજ્ઞાનની છે. પ્રભાવના પાછળ બીજી રીતે ખરચાતા લાખો રૂપિયાની માફક લાખો બાળકોમાં ધાર્મીકજ્ઞાનના સંસ્કાર રેડવા માટે પણ જૈન સમાજે જાગૃત થવાની જરૂર છે. પૂ. ગુરુદેવ પણ ઘણી વાર કહે છે કે અત્યારે તો સાચું જ્ઞાન લોકોને મળે તે માટે ખૂબ વીતરાગી સાહિત્ય બહાર પાડીને લોકોને સસ્તામાં સસ્તી કિંમતે મળે ને તેનો ખૂબ પ્રચાર થાય–તે કરવા જેવું છે.

# સ્વાશ્રયે મોક્ષ... પરાશ્રયે બંધન

પરવસ્તુ જીવને બંધનું કારણ નથી તેમ મોક્ષનું પણ કારણ નથી; આમ જાણીને પર સાથેની કર્તૃત્વબુદ્ધિ છોડવી, અને પરથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વરૂપનો આશ્રય કરવો–તે મોક્ષનું કારણ છે.

*****

* બાહ્ય વસ્તુઓ જીવને બંધ–મોક્ષનું કારણ નથી–એ સિદ્ધાંત સમજાવીને આચાર્યદેવ ભેદજ્ઞાન કરાવે છે; અને સ્વાશ્રયે મોક્ષ થવાનું સમજાવે છે.

* એક આત્મા બીજા પદાર્થોથી ભિન્ન છે; ભિન્ન હોવા છતાં તેમનાં કાર્યોને હું કરું, અથવા તેમના કાર્યોથી મને બંધ–મોક્ષ થાય–એમ જીવ અજ્ઞાનથી માને છે; ને એ મિથ્યામાન્યતા જ અજ્ઞાનમય હોવાથી બંધનું કારણ છે. સ્વ–પરનું ભેદજ્ઞાન કરીને એ મિથ્યામાન્યતા છોડવી ને જ્ઞાનસ્વરૂપ આત્માનું જ્ઞાનભાવપણે જ રહેવું તે મોક્ષનું કારણ છે.

* બાહ્યવસ્તુ નિમિત્ત ભલે હો, પણ તે વસ્તુનું કાર્ય તેનામાં જ છે, તેના પોતાથી બહાર તેનું કાર્યક્ષેત્ર નથી; જીવની અવસ્થામાં તેનું કાંઈ જ કાર્ય નથી.

* જીવને બંધનું કારણ જીવમાં હોય, બીજામાં ન હોય; એ જ રીતે જીવને મોક્ષનું કારણ જીવમાં હોય, જીવની બહાર ન હોય.

* પ્રશ્નઃ– પરદ્રવ્ય જો બંધનું કારણ નથી, તો પરદ્રવ્યરૂપ બાહ્યવસ્તુ છોડવાનો ઉપદેશ કેમ આપવામાં આવે છે?

* ઉત્તરઃ– પરદ્રવ્યના આશ્રયે થતો જીવનો ભાવ તે બંધનું કારણ છે, તેથી તે પરાશ્રિતભાવને છોડાવવા માટે પરદ્રવ્યને છોડવાનું કહ્યું છે. પણ પરદ્રવ્ય છોડવું એટલે ખરેખર પરદ્રવ્યનો આશ્રય છોડવો, ને સ્વદ્રવ્યનો આશ્રય કરવો–એમ તેનું તાત્પર્ય છે. પરદ્રવ્યના આશ્રયે બંધન છે ને સ્વદ્રવ્યના આશ્રયે મુક્તિ છે–એ મહાન સિદ્ધાંત છે.

* એ વાત મોક્ષપ્રાભૃતમાં કુંદકુંદસ્વામી એ કહી છે કે–

परदव्वादो दुग्गइ सद्दव्वादो हु सुग्गई होई।
इय णाऊण सदव्वे कुणह रई विरय इयरम्मि।।१६।।
સ્વદ્રવ્ય–રત પામે સુગતિ, પરદ્રવ્ય–રત જીવ દુર્ગતિ,
આ જાણીને બન સ્વ–રત જીવ તું થા વિરત પરદ્રવ્યથી.

સ્વદ્રવ્યમાં રત જીવને સુગતિ થાય છે અને પરદ્રવ્યમાં રત જીવને દુર્ગતિ થાય છે;–આમ જાણીને હે ભવ્ય જીવો! તમે સ્વદ્રવ્યમાં રતિ કરો અને પરદ્રવ્યોથી વિરતિ કરો.

સુગતિ એટલે મોક્ષ અને દુર્ગતિ એટલે સંસારની ચારે ગતિ; અથવા સુગતિ એટલે સમ્યક્ પરિણતિ, શુદ્ધ પરિણમન, તે મોક્ષનું કારણ છે; અને દુર્ગતિ એટલે ભૂંડી પરિણતિ, અશુદ્ધ પરિણમન, તે સંસારનું કારણ છે. માટે શુદ્ધજ્ઞાનમય સ્વદ્રવ્યનો આશ્રય કરવો, ને પરદ્રવ્યનો આશ્રય છોડવો,–એ મોક્ષનો માર્ગ છે, એ જૈનસિદ્ધાંતનો સાર છે.

* જીવ જે કાંઈ અજ્ઞાનાદિ બંધભાવ કરે તેમાં પરદ્રવ્યનો જ આશ્રય હોય; સ્વદ્રવ્યના આશ્રયે કદી બંધભાવ થાય નહીં. 'भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो' ભૂતાર્થ સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન છે, એ જ રીતે સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર આદિ વીતરાગભાવ પોતાના સ્વભાવના આશ્રયે છે. મોક્ષભાવમાં સ્વદ્રવ્યનો આશ્રય છે, ને બંધભાવમાં પરદ્રવ્યનો આશ્રય છે.

* શુભ કે અશુભ બંધભાવમાં પરનો આશ્રય છે–તે વાત અહીં દ્રષ્ટાંતથી સમજાવે છે–હું આને મારું–એવો અશુભ અધ્યવસાય, અથવા હું આને બચાવું–એવો શુભ અધ્યવસાય–તે ક્યારે થાય?–કે સામે તેવા જીવનું અસ્તિત્વ હોય, ને જીવ તેનો આશ્રય કરે ત્યારે એવી બુદ્ધિ થાય કે હું આ જીવને મારું અથવા હું આને બચાવું. સામે કોઈ જીવનું અસ્તિત્વ જ ન હોય, તો તેના આશ્રય વગર એવો મારવાનો કે જીવાડવાનો અભિપ્રાય ક્યાંથી થાય? વંધ્યાસુતને હું મારું, કે આકાશ ફૂલને હું ચૂંટું એવો ભાવ કોઈને થતો નથી કેમકે સામે તેવી વસ્તુનું અસ્તિત્વ જ નથી.

* સામી વસ્તુનું અસ્તિત્વ તો તેનામાં છે, તે કાંઈ બંધનું કારણ નથી, પણ જીવ જ્યારે બંધભાવ કરે ત્યારે તે પરવસ્તુના જ આશ્રયે કરે છે. માટે પરદ્રવ્યનો આશ્રય છોડવાનો ભગવાને ઉપદેશ આપ્યો છે.

* પરવસ્તુ જ બંધનું કારણ નથી પણ બંધન વખતે જીવને પરનો જ આશ્રય હોય છે. જો પરવસ્તુ જ બંધનું કારણ થતી હોય તો, જગતમાં સદાય તેનું અસ્તિત્વ છે એટલે સદાય બંધન થયા જ કરે, મોક્ષ કદી થાય જ નહીં.–પણ એમ નથી, કેમકે બાહ્યવસ્તુ પોતે બંધનું કારણ નથી; તે બાહ્યવસ્તુ બંધભાવમાં નિમિત્ત હોવા છતાં તે પોતે બંધનું કારણ થતી નથી. સ્વનો આશ્રય છોડીને તે પરદ્રવ્યના આશ્રયે અશુદ્ધભાવે પરિણમે તો જ જીવને બંધન થાય છે. બંધભાવ જીવ કરે અને પરદ્રવ્યનો આશ્રય ન હોય–એમ બને નહીં, કેમકે સ્વદ્રવ્યના આશ્રયે કદી બંધભાવ થાય નહીં; બંધભાવ પરના જ આશ્રયે થાય.

* 'સ્વાશ્રયે મુક્તિ, ને પરાશ્રયે બંધન'–આ મહાન સિદ્ધાંત છે.

ભગવાન જિનેશ્વરદેવોએ તો સ્વદ્રવ્યના જ આશ્રયે મોક્ષમાર્ગ ઉપાસ્યો છે, ને તેવો જ સ્વાશ્રિત–મોક્ષમાર્ગ ઉપદેશ્યો છે; પરદ્રવ્યના આશ્રયે મોક્ષ થવાનું ભગવાને કહ્યું નથી. ભગવાને દેહાદિ પરદ્રવ્યનું મમત્વ છોડીને, જ્ઞાનમય સ્વદ્રવ્યના આશ્રયે મોક્ષને સાધ્યો છે. શુદ્ધ આત્માના આશ્રયે થયેલા સમ્યગ્દર્શન –જ્ઞાન–ચારિત્ર તે જ મોક્ષમાર્ગ છે કેમકે તે સ્વદ્રવ્ય છે. દ્રવ્યલિંગ, શરીરની ક્રિયાઓ વગેરે પરદ્રવ્યાશ્રિત છે, શુભ વિકલ્પો પરદ્રવ્યાશ્રિત છે, તેઓ જીવને મોક્ષનું કારણ નથી. ( જુઓ ગાથા ૪૧૦ )

* આત્માના જ અશુદ્ધ કે શુદ્ધ પરિણામો આત્માને બંધ–મોક્ષનું કારણ થાય; પરદ્રવ્યનાં પરિણામ જીવને બંધ–મોક્ષનું કારણ થાય નહીં. જેમકે–

કોઈ મુનિરાજ ઈર્યાસમિતિ પૂર્વક ગમન કરતા હોય, હિંસાનો કે પ્રમાદનો ભાવ ન હોય, ને અચાનક ઊડીને પગ નીચે કોઈ જીવડું આવીને પડે ને આયુષ પૂરું થવાથી મરી જાય,–ત્યાં બાહ્યમાં જીવડું મરવા છતાં, હિંસાભાવના અભાવને લીધે તે મુનિરાજને બંધન થતું નથી. માટે એ સિદ્ધાંત નક્કી થયો કે બાહ્યવસ્તુ બંધનું કારણ નથી, જીવનો હિંસાદિભાવ જ બંધનું કારણ છે.

જીવને જે તદ્‌ભાવરૂપ હોય એટલે કે જીવના અસ્તિત્વમાં જે હોય તે જ બંધ–મોક્ષનું કારણ થાય. પણ જીવને જે અતદ્‌ભાવરૂપ હોય એટલે કે જીવના અસ્તિત્વમાં જે ન હોય, તે જીવને બંધ–મોક્ષનું કારણ થાય નહીં. પરને મારવા–જીવાડવાની બુદ્ધિરૂપ જે અધ્યવસાય છે તે જ બંધનું કારણ છે.

પર જીવનું મરણ કે જીવન તે આ જીવથી જુદું છે, તે જીવને બંધનું કારણ નથી.

આમ જાણીને પરવસ્તુ સાથે એકતાબુદ્ધિ છોડવી, એટલે પરના આશ્રયની બુદ્ધિ છોડવી ને પરથી અત્યંત ભિન્ન પોતાના જ્ઞાનસ્વરૂપને જાણીને સ્વદ્રવ્યનો આશ્રય કરવો–તે મોક્ષનો ઉપાય છે.

## મરણથી બચવું હોય તો મોક્ષના ઉપાયમાં લાગ

**(બહારની કોઈ પણ પરિસ્થિતિ મનુષ્યને મરણથી બચાવી શકતી નથી એમ બતાવનારા આ વૈરાગ્યમય કાવ્યદ્વારા કવિ પ્રેરણા આપે છે કે હે જીવ! તું અમર થવા માટે મોક્ષમાર્ગમાં લાગ.-એ કવિરાજ છે શ્રીમદ્ રાજચંદ્ર.)**

મોતી તણી માળા ગળામાં મૂલ્યવંતી મલકતી, હીરા તણા શુભ હારથી બહુ કંઠ કાંતિ ઝળકતી;
આભૂષણોથી ઓપતા ભાગ્યા મરણને જોઈને, જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૧
મણિમય મુગટ માથે ધરીને કર્ણ કુંડળ નાખતા, કાંચન–કડાં કરમાં ધરી કશીએ કચાશ ન રાખતા;
પળમાં પડયા પૃથ્વીપતિ એ, ભાન ભૂતળ ખોઈને, જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને.૨
દશ આંગળીમાં માંગળિક મુદ્રા જડિત માણિકયથી, જે પરમ પ્રેમે પે’ રતા પોંચી કળા બારીકથી;
એ વેઢ વીંટી સર્વ છોડી ચાલિયા મુખ ધોઈને, જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૩
મૂંછ વાંકડી કરી ફાંકડા થઈ લીંબુ ધરતા તે પરે, કાપેલ રાખી કાતરા હર કોઈના હૈયાં હરે;
એ સાંકડીમાં આવિયા છટકયા તજી સૌ સોઈને, જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૪
છો ખંડના અધિરાજ જે ચંડે કરીને નીપજ્યા, બ્રહ્માંડમાં બળવાન થઈને ભૂપ ભારે નીપજ્યા;
એ ચતુર ચક્રી ચાલિયા હોતા નહોતા હોઈને, જન જાણીએ મન માનીએ નવ કાળ મુકે કોઈને. ૫
જે રાજનીતિનિપુણતામાં ન્યાયવંતા નીવડયા, અવળા કર્યે જેના બધા સવળા સદા પાસા પડયા;
એ ભાગ્યશાળી ભાગિયા તે ખટપટો સૌ ખોઈને, જન જાણીએ મન માનીએનવ કાળ મૂકે કોઈને. ૬
તરવાર બહાદુર ટેક ધારી પૂર્ણતામાં પેખિયા, હાથી હણે હાથે કરી એ કેસરી સમ દેખીયા;
એવા ભલા ભડવીર તે અંતે રહેલા રોઈને, જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૭

# –તું શું કરે ભલા ?

જગતમાં જે કોઈ જીવો બંધાય છે તેઓ પોતાના જ મિથ્યાત્વાદિ ભાવોને લીધે કર્મથી બંધાય છે; અને જે કોઈ જીવો મોક્ષ પામે છે તેઓ પોતાના જ સમ્યક્ત્વાદિ વીતરાગભાવ વડે મુક્તિ પામે છે.–તો હે જીવ! તું તેમને શું કરે છે? પરને હું બંધાવું કે મુક્ત કરું એ માન્યતા ખોટી છે. માટે તે મિથ્યામાન્યતા છોડ. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ કરવા તે નિશ્ચયથી મોક્ષમાર્ગ છે. જે જીવો આવા વીતરાગ મોક્ષમાર્ગમાં સ્થિત છે તેઓ જ મોક્ષ પામે છે; ને રાગમાં સ્થિત જીવો બંધાય છે. આ રીતે બંધ મોક્ષ જીવને પોતાના ભાવથી જ થાય છે, પરને લીધે થતા નથી.

આ જીવ એમ ઈચ્છે કે હું સામા જીવનો મોક્ષ કરી દઉં.–પરંતુ સામો જીવ રાગભાવરૂપ પરિણમે અને વીતરાગભાવરૂપે ન પરિણમે તો તે મુક્ત ન થાય પણ બંધાય. આ જીવને તો મુક્ત કરવાનો અભિપ્રાય હતો પણ સામો જીવ તેના પોતાના વીતરાગભાવ વગર મુક્ત થતો નથી, એટલે આ જીવના અભિપ્રાય પ્રમાણે તો કાર્ય થતું નથી; માટે 'પરને હું મુકાવું'–એવો જીવનો અભિપ્રાય નિરર્થક છે–મિથ્યા છે, પોતાને જ અનર્થનું કારણ છે. કદાચ સામો જીવ વીતરાગભાવ કરીને મુક્ત થાય, તોપણ એ તો એના પોતાના જ વીતરાગભાવને લીધે મુક્ત થયો છે,–નહિ કે આ જીવના અભિપ્રાયને લીધે.–માટે પરના કર્તૃત્વની બુદ્ધિ અસત્ય છે, મિથ્યા છે અને દુઃખનું કારણ છે.

આ જીવનો અભિપ્રાય હો કે ન હો, તેની અપેક્ષા વગર જ સામો જીવ પોતાના ભાવઅનુસાર બંધ કે મોક્ષને પામે છે.

આ જીવ તેને મુક્ત કરવાનો અભિપ્રાય ન કરે તોપણ, સામો જીવ જો વીતરાગભાવરૂપે પરિણમે, તો તે પોતાના વીતરાગભાવ વડે મુક્તિ પામે છે.

હવે એ જ રીતે બંધનમાં:– કોઈ જીવ એમ ઈચ્છે કે હું સામા જીવને કર્મબંધનમાં નાંખી દઉં! પરંતુ સામો જીવ આત્માનું ભાન કરીને સમ્યક્ત્વાદિ વીતરાગભાવરૂપે પરિણમે અને સરાગભાવરૂપ ન પરિણમે તો તેને બંધન ન થાય પણ મુક્તિ થાય. આ જીવને તો તેને બંધન કરવાનો અભિપ્રાય હતો પણ સામો

જીવ તેના પોતાના રાગભાવ વગર બંધાતો નથી, એટલે આ જીવના અભિપ્રાય પ્રમાણે તો કાર્ય થતું નથી; માટે પરને હું બંધન કરી દઉં કે દુઃખી કરી દઉં–એવો જીવનો અભિપ્રાય નિરર્થક છે, મિથ્યા છે, ને પોતાને જ અનર્થનું કારણ છે. કદાચ તે વખતે સામો જીવ તેના પોતાના રાગાદિભાવોને લીધે કર્મથી બંધાય કે દુઃખી થાય, તોપણ એ તો એના પોતાના જ રાગભાવ વડે બંધાયો છે ને દુઃખી થયો છે,–નહિ કે તારા અભિપ્રાયને લીધે.–માટે પરના કર્તૃત્વની બુદ્ધિ અસત્ય છે, મિથ્યા છે, અને દુઃખનું કારણ છે.

આ જીવનો અભિપ્રાય હો કે ન હો, તેની અપેક્ષા વગર જ સામો જીવ પોતાના ભાવઅનુસાર બંધ કે મોક્ષને પામે છે.

આ જીવ તેને બાંધવાનો અભિપ્રાય ન કરે તોપણ સામો જીવ જો રાગાદિભાવરૂપ પરિણમે તો તે પોતાના રાગભાવ વડે બંધાય છે.

આવું સ્પષ્ટ વસ્તુસ્વરૂપ સમજાવીને આચાર્યદેવ કહે છે કે હે ભાઈ!

સૌ જીવ અધ્યવસાન કારણ કર્મથી બંધાય જ્યાં,
ને મોક્ષમાર્ગ સ્થિત જીવો મુકાય, તું શું કરે ભલા!

*****

## દોઢસો વર્ષ પહેલાં સમ્મેદશિખર પર દિ. જિનમૂર્તિ હતી

પ્રસિદ્ધ અંગ્રેજ સાહિત્યકાર ક્રુક સાહેબ (W. Crook) લખે છે કે–"A visitor, who examined in 1827 found the image of PARSVANATH to represent the Saint, sitting naked in the attitude of maditation. His head shillded by the snake, which is his special emblem"

(W. Crook in ERE)
(*"ઇન્સાઈકલોપેડિયા ઓફ રિલીજન એન્ડ ઈથિકસ–પારસનાથ હિલ"માંથી)

"यहां [सम्मेदशिखरजी पर] तीन मुख्य मंदिर है–एक पार्श्वनाथजीका भी इन्हीमें है; सन 1827 ई. में एक इंग्रेजने इनके दर्शन किये थे। उन्होंने पार्श्वनाथ भगवानकी नग्नमूर्तिको ध्यानाकार में उनके सर्पचिन्हसे मंडित यहां पाया था।"

(બાબુ કામતાપ્રસાદજી જૈન M. R. A. S.)

# દગ્ધ દ્વારિકા...અને...પાંડવ–વૈરાગ્ય


જ્યારે દ્વારિકાનગરી બળીને ભસ્મીભૂત થઈ ગઈ, શ્રીકૃષ્ણ અને બલભદ્ર જેવા મહાન પરાક્રમી યોદ્ધા એ નગરીને તો ન બચાવી શક્યા પણ પોતાના માતા–પિતાનેય ન બચાવી શકયા. ત્યાંથી હસ્તિનાપુર જતાં રસ્તામાં પાણી વિના તરસ્યા શ્રીકૃષ્ણનું પોતાના ભાઈના હાથે મૃત્યુ થયું, સંસારથી વિરક્ત બલભદ્રજી દીક્ષા લઈને સ્વર્ગે સીધાવ્યા. ત્યાર બાદ પાંડવોએ દ્વારકાનગરી ફરીથી નવી વસાવી અને શ્રીકૃષ્ણના ભાઈ જરતકુમાર (કે જેના તીરથી શ્રીકૃષ્ણનું મૃત્યુ થયેલ) તેમને દ્વારિકાના રાજસિંહાસને બેસાડયા...

–તે વખતે શ્રીકૃષ્ણના સમયની દ્વારિકાનગરીની જાહોજલાલીનું સ્મરણ થતાં પાંડવો શોકાતુર બન્યા; અને વૈરાગ્યથી એમ ચિંતવવા લાગ્યા કે–અરે, આ દ્વારિકાનગરી દેવો દ્વારા રચાણી હતી છતાં તે પણ આજે બળીને ખાખ થઈ ગઈ. શ્રીકૃષ્ણ જ્યાં રાજ કરતા હતા, પ્રભુ નેમકુમાર જેની રાજસભામાં બિરાજતા હતા અને જ્યાં હંમેશાં નવા નવા મંગલ ઉત્સવ થતા હતા તે નગરી આજે સુનસામ થઈ ગઈ છે. ક્યાં ગયા તે રુકમિણી વગેરે રાણીઓના સુંદર મહેલો! અને ક્યાં ગયાં તે હર્ષભરેલા પુત્રો વગેરે કુટુંબીજનો! ખરેખર કુટુંબ વગેરેનો સંયોગ ક્ષણભંગુર છે, તે તો વાદળાંની જેમ જોતજોતામાં વિલય થઈ જાય છે; સંયોગો તો નદીના વહેતા પ્રવાહ જેવા ચંચળ છે, તેને સ્થિર રાખી શકાતા નથી. સંસારની આવી વિનાશિક દશા દેખીને વિવેકી જીવ વિષયોના રાગથી વિરક્ત થઈ જાય છે.

વળી તે ધર્માત્મા પાંડવકુમારો વૈરાગ્યથી સંસારનું સ્વરૂપ વિચારવા લાગ્યા કે–ખરેખર તો જે સ્ત્રી–પુત્ર–પૌત્ર વગેરેને જીવ પોતાનાં સમજે છે, તે પોતાનાં છે જ નહિ; જ્યાં આ નજીકનું શરીર પણ પોતાનું નથી ત્યાં દૂરનું પરદ્રવ્ય તો પોતાનું કેમ હોય?–બાહ્ય વસ્તુ પોતાની નથી છતાં તે બાહ્ય વસ્તુમાં સુખ–દુઃખ માનવા તે માત્ર કલ્પના છે. પોતાની ચીજ તો ખરેખર આત્મા જ છે. વિષય–ભોગો ભોગવતી વખતે જીવને સુખકર લાગે છે પણ પછી તે નીરસ જણાય છે અને તેનું ફળ દુઃખરૂપ છે, પણ મૂઢ જીવ તેના સેવનથી પોતાને સુખી માને છે; એવા જીવો છતી આંખે અંધ થઈને દુઃખના કુવામાં પડે છે ને દુર્ગતિમાં જાય છે. દાદરની ખૂજલી જેવા વિષયો પરિણામે દુઃખદાયક જ છે, અને તેનાથી જીવને કદી તૃપ્તિ મળતી નથી, તેના ત્યાગથી જ તૃપ્તિ થાય છે.

પાંચ ઇન્દ્રિયના વિષયમાં લીન જીવ પંચવિધ પરિવર્તનરૂપ સંસારમાં ચક્કર લગાવે છે અને મિથ્યાત્વની વાસનાને લીધે પોતાના હિત-અહિતનો વિચાર કરી શકતો નથી, તથા ધર્મ તરફ તેને રુચિ જાગતી નથી. માટે મોક્ષ-સુખને ચાહનારા ભવ્ય જીવોએ મિથ્યાત્વ અને સમસ્ત વિષય-કષાયો છોડીને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મનો ઉદ્યમ કરવો જોઈએ.

એ પ્રમાણે વૈરાગ્યપૂર્વક વિચાર કરતાં કરતાં તે પાંડવો દ્વારિકાથી પ્રસ્થાન કરીને પલ્લવદેશમાં આવ્યા ને ત્યાં બિરાજમાન શ્રી નેમિનાથ તીર્થંકરના દર્શન કર્યા, તેમના કેવળજ્ઞાનની સ્તુતિ કરી, ને ધર્મની પિપાસાપૂર્વક તેમનો ઉપદેશ સાંભળ્યો; તેમજ પ્રભુની વાણીમાં પોતાના પૂર્વભવોનું વર્ણન સાંભળીને તે પાંડવોને વિશેષ આત્મશુદ્ધિપૂર્વક ઘણો વૈરાગ્ય થયો, તેથી તેઓ સંસારથી વિરક્ત થયા અને પ્રભુની સમીપમાં દીક્ષા લઈને મુનિ થયા; માતા કુન્તી, સુભદ્રા તેમજ દ્રૌપદીએ પણ રાજીમતીઅર્જિકાની સમીપ જઈને દીક્ષા ધારણ કરી. ત્યારબાદ વિહાર કરતા કરતા એ પાંડવ મુનિવરો સૌરાષ્ટ્ર દેશમાં આવ્યા ને સિદ્ધક્ષેત્ર શત્રુંજયતીર્થ ઉપર આત્મધ્યાન કરવા લાગ્યા.




કેવા હશે પાંડવ મુનિરાજ...અહો ! એને વંદન લાખ...

રાજપાટ ત્યાગી વસ્યા ઉન્નત પર્વતમાં, જેણે છોડયો સ્નેહીઓનો સાથ...અહો૦

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ધારક, કરે કર્મોને બાળી ખાખ...અહો૦

શત્રુ કે મિત્ર નહીં કોઈ એના ધ્યાનમાં, વસે એ સ્વરૂપ-આવાસ...અહો૦

પ્રમત્ત-અપ્રમત્ત ભાવમાં એ ઝૂલતા, આત્મઆનંદમાં રમનાર...અહો૦

રાગ કે દ્વેષ નહીં કોઈ એના ધ્યાનમાં, માત્ર કરે આત્મા કેરું ધ્યાન...અહો૦

પરિષહોમાં જેણે ઉપેક્ષા કરીને, જલ્દી કર્યો સિદ્ધિમાં નિવાસ...અહો૦

( સં. ૨૦૦૬માં શત્રુંજયતીર્થની યાત્રા વખતે પર્વત ઉપર થયેલી ભક્તિમાંથી )

# શત્રુંજય ઉપર-
# પાંડવ મુનિવરોએ ભાવેલી વૈરાગ્યભાવના

શત્રુંજય ઉપર સ્થિત પાંડવ મુનિવરો ઉપર જ્યારે ઘોર ઉપસર્ગ આવ્યો ત્યારે નિજસ્વરૂપથી ડગ્યા વગર વૈરાગ્યપૂર્વક તેમણે બાર ભાવનાઓનું ચિંતન કર્યું. આવી ભાવનાપૂર્વક ત્રણ પાંડવો તો નિર્વિકલ્પ ચૈતન્યઅનુભવમાં લીન થઈને કેવળજ્ઞાન પ્રગટ કરી મોક્ષ પામ્યા. દરેક જીવે વસ્તુસ્વરૂપના ચિંતનવડે આવી વૈરાગ્યભાવના ભાવવા જેવી છે. પાંડવપુરાણના આધારે તે ભાવના અહીં આપવામાં આવે છે.

પ્રથમ તો, અગ્નિવડે સળગતા શરીરને દેખીને તે ધીરવીર પાંડવોએ ક્ષમારૂપી જળનું સીંચન કર્યું; પંચપરમેષ્ઠી અને ધર્મના ચિંતન વડે આત્મધ્યાનમાં દ્રઢતા કરી. તેઓ જાણતા જ હતા કે આ અગ્નિ કાંઈ અમારા આત્માને બાળી શકતો નથી, કેમકે આત્મા તો દેહથી ભિન્ન શુદ્ધ-ચૈતન્યસ્વરૂપ, અરૂપી છે. આ મૂર્તિક શરીરને અગ્નિ ભલે બાળે, તેમાં અમારું શું નુકશાન છે? આ પ્રમાણે શરીરથી ભિન્ન આત્માના ચિંતન વડે મહાન ઉપસર્ગવિજયી પાંડવ મુનિરાજોએ ધ્યાનરૂપી અગ્નિ પ્રગટ કર્યો. બહારમાં તો અગ્નિવડે શરીર ભસ્મ થાય છે, એ જ વખતે અંતરમાં ધ્યાનાગ્નિ વડે કર્મો ભસ્મ થાય છે. તે વખતે શત્રુંજયગિરિ ઉપર પાંડવ મુનિવરોએ ભાવેલી બાર વૈરાગ્યભાવના આ પ્રમાણે છે-

૧. અનિત્ય ભાવના

સંસારમાં જીવન ક્ષણભંગુર છે. વાદળાંની જેમ જોતજોતામાં તે વિલીન થઈ જાય છે. ધન-દોલત-મકાન-કુટુંબ-શરીર જે કાંઈ દેખાય છે તે બધું નશ્વર છે, ભોગોપભોગ અનિત્ય છે, તે કોઈની સાથે પણ પ્રીતિ નથી કરતા, પુણ્યશાળી ચક્રવર્તીને પણ જ્યાં સુધી પુણ્યનો ઉદય રહે છે ત્યાં સુધી જ તે સામગ્રી રહે છે, પુણ્ય જતાં તો તે પણ રફુચક્કર થઈ જાય છે. જગતમાં એક પોતાનો આત્મા જ એવી ચીજ છે કે જે સદા શાશ્વત રહે છે, જેનો કદી વિયોગ થતો નથી. માટે હે આત્મા! તું સમસ્ત બાહ્ય વસ્તુઓથી મમત્વ હઠાવીને સ્વમાં જ સ્થિર થા...એ જ ચીજ તારી છે.

લક્ષ્મી–શરીર સુખદુઃખ અથવા શત્રુ–મિત્ર જનો અરે!
જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ–આત્મક જીવ છે.
છેદાવ વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,
વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો અરે.

ભરત ચક્રવર્તી જેવા છ ખંડના ધણી પણ જ્યાં નિત્ય નથી રહ્યા તો પછી અરે જીવ! તું કોનાથી સ્નેહ કરે છે!–કોને પોતાનું સમજે છે! ધ્રુવ ચૈતન્ય સિવાય બીજી કોઈ પણ ચીજને પોતાની સમજવી તે ફક્ત તારી મૂર્ખતા જ છે. માટે એવી વ્યર્થ વિકલ્પજાળમાં ન પડતાં, તું આત્મચિંતનમાં લાગ, તેમાં જ જીવનની સાર્થકતા છે.

૨. અશરણ ભાવના

જેમ ભૂખ્યા સિંહના પંજામાં પડેલા હરણના બચ્ચાંની કોઈ રક્ષા નથી કરી શકતું, તેમ મૃત્યુના મુખમાં પડેલા પ્રાણીની પણ કોઈ રક્ષા નથી કરી શકતું. કોઈ એમ કહે કે અમે તો લોખંડના મકાનમાં રાખીને, શસ્ત્રથી, ધન વગેરેથી જીવની રક્ષા કરી દેશું! અથવા કોઈ ઔષધ–મંત્ર–તંત્રથી જીવને બચાવી દેશું!–તો તેનું એ કથન માત્ર બકવાદરૂપ છે. વાસ્તવમાં, જેનું આયુષ્ય પૂરું થયું તેની કોઈ રક્ષા કરી શકતું નથી. કોઈ દેવ, કોઈ ઇન્દ્ર કે સુરેન્દ્ર વગેરે રક્ષા કરી શકે છે એ પણ કથનમાત્ર છે; કેમકે તેઓ જ્યાં પોતે પોતાની જ રક્ષા કરી શકતા નથી તો બીજાની રક્ષા કયાંથી કરશે! અનિત્યતા–પણે પરિણમતા પદાર્થને કોઈ રોકી શકવા સમર્થ નથી. માટે હે આત્મા! તું એ બધાના શરણની બુદ્ધિ છોડ. અને તારા અવિનાશી ચૈતન્યરૂપ આત્માનું તું શરણ લે; એ જ તારું સાચું શરણ છે, એ સિવાય બીજા બધાનું શરણ તો જૂઠું છે.

૩. સંસાર ભાવના

દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભવ અને ભાવરૂપ સંસારમાં આ આત્મા નિજસ્વરૂપને સમજ્યા વિના ચક્કર લગાવી રહ્યો છે; ક્યારેક આ ગતિમાં તો ક્યારેક બીજી ગતિમાં, ક્યારેક રાજા તો ક્યારેક રંક, ક્યારેક દેવ તો ક્યારેક નારકી, ક્યારેક દ્રવ્યલિંગી સાધુ તો ક્યારેક કષાઈ,–એમ બહુરૂપી થઈને ઘૂમી રહ્યો છે; પંચવિધ પરાવર્તનમાં એકેક પરાવર્તનનો અનંતકાળ છે. તે પંચપરાવર્તન આ જીવે એક જ વાર નહિ પણ અનંતવાર

પૂરા કર્યા છે. તોપણ તેની વિષયલાલસા પૂરી નથી થઈ, તો હવે કેમ થશે! સ્વવિષયને ભૂલીને તું સદાય અતૃપ્તપણે જ મર્યો છે. માટે હે આત્મા!! હવે તું વિષયલાલસા છોડીને આત્મસ્વરૂપમાં તારા ચિત્તને જોડ. આ દુઃખમય સંસારચક્રથી છૂટવાનો સાચો ઉપાય ફક્ત આ એક જ છે કે તું બાહ્ય વિષયોના મોહને છોડીને આત્મધ્યાનમાં લીન થા.

૪. એકત્વ ભાવના

આ જીવ એકલો જ આવે છે, એકલો જ જન્મ–મરણના દુઃખો ભોગવે છે, એકલો જ ગર્ભમાં આવે છે, એકલો જ શરીર ધારણ કરે છે, એકલો જ બાળક–યુવાન–વૃદ્ધ થાય છે. અને એકલો જ મરે છે. આ જીવને સુખમાં કે દુઃખમાં કોઈપણ સાથી નથી. અરે જીવ! જે કુટુંબ વગેરેને તું તારાં સમજે છે તે ખરેખર તારાં નથી, કુટુંબ વગેરે તો દૂર રહો, પણ જે શરીરને પુષ્ટ કર્યું અને જેની સાથે ચોવીસે કલાક રહ્યો તે શરીર પણ સાથે નથી આવતું તો બીજાું તો કોણ આવશે! માટે હે આત્મા! તું બીજાને માટે પાપનો બોજો તારા શિર ઉપર બાંધી રહ્યો છે! તું સદા એકલો જ છો, માટે બધાનો મોહ છોડીને એક તારા આત્માને જ ચિંતવ.

જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે!
જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે. ૧૦૧
મારો સુશાશ્વત એક દર્શન–જ્ઞાન–લક્ષણ જીવ છે;
બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૦૨

૫. અન્યત્વ ભાવના

જળ અને દૂધની માફક શરીર અને આત્માનો મેળ દેખાય છે, પણ જેમ ખરેખર દૂધ અને પાણી જુદા જ છે, તેમ વાસ્તવમાં આત્મા અને શરીર જુદા જ છે. હે આત્મા! તેમને એકમેક સમજવા તે તો ભૂલ છે. તારો તો જ્ઞાયકભાવ છે, ચારિત્રભાવ છે; રત્નત્રયસ્વરૂપ આત્મા જ તારો છે. માટે કોઈ અન્યના આશ્રયે શાંતિ થશે એવી આશા છોડીને તું તારા એકત્વસ્વરૂપમાં આવ. તારી એકતાથી તારી શોભા છે, અન્યથી તારી શોભા નથી. અન્યથી ભિન્ન અનન્યસ્વરૂપ આત્માને ભાવ.

૬. અશુચિ ભાવના

આ શરીર તો અશુચિનો પટારો છે, માંસ–હાડકા–લોહી–પરૂ વગેરેથી બનેલું છે, તેનાં નવદ્વારમાંથી ઘૃણાજનક મેલ વહ્યા કરે છે; ચંદનાદિ ઉત્તમમાં ઉત્તમ વસ્તુઓ પણ આ શરીરનો સંબંધ થતાં જ દૂષિત થઈ જાય છે. તો પછી અરે આત્મા! તું આવા અશુચિના સ્થાનરૂપ શરીર ઉપર મોહ અને પ્રેમ કેમ કરે છે!! –એ તારી મોટી ભૂલ છે કે તું આ મલિન દેહમાં મૂર્છાઈ રહ્યો છે. ક્યાં તો તારું નિર્મળ સ્વરૂપ ક્યાં એનો મલિન સ્વભાવ! માટે શરીરને હેય સમજીને તું શીઘ્ર તેના ઉપરથી મોહ છોડ, અને તારી જ્ઞાનગંગામાં સ્નાન કરીને પાવન થા. એમાં તારી બુદ્ધિમત્તા છે.

૭. આસ્રવ ભાવના

દરિયામાં પડેલી છેદવાળી નૌકામાં જેમ સતત પાણી આવ્યા કરે છે તેમ મોહરૂપી છિદ્ર દ્વારા આત્મામાં કર્મો આવ્યા કરે છે. કર્મોના આવવામાં પ્રધાન કારણ મિથ્યાત્વ છે. હે આત્મા! આ આસ્રવ જ તને સંસારસમુદ્રમાં ડુબાડનાર છે, માટે તું ચૈતન્યની જાગૃતિ વડે આસ્રવોને છોડ, અને નિરાસ્રવી થા. એમ કરવાથી જ તારી આત્મનૌકા આ ભવસમુદ્રથી પાર થશે, ને તારું કલ્યાણ થશે.

૮. સંવર ભાવના

આસ્રવને અટકાવવો તે સંવર છે સમ્યગ્દર્શનપૂર્વકના આત્મધ્યાનથી તે સંવર થાય છે. પ્રથમ જ સમ્યગ્દર્શન માત્રથી જ અનંત સંસારનો સંવર થઈ જાય છે. સંવર થતાં ફરીને આ આત્મા સંસારમાં ભટકતો નથી; તેને મોક્ષનો માર્ગ મલી જાય છે. માટે હે આત્મા! હવે તું સંસારના ઝંઝટોને છોડીને તે પુનિત સંવરનો આશ્રય કર.

મિથ્યાત્વ આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે,
સમ્યક્ત્વ–આદિક ભાવ રે! ભાવ્યા નથી પૂર્વે જીવે.
ભવચક્રમાં ભમતાં કદી, ભાવી નથી જે ભાવના,
ભવનાશ કરવા કાજ હું ભાવું અપૂરવ ભાવના.

અહો ! ભવનાશ કરનારી, અપૂર્વ આત્મભાવના આ ક્ષણે જ ભાવો.

ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,
છે ક્રોધ ક્રોધમહીં જ નિશ્ચય, ક્રોધ નહીં ઉપયોગમાં.
આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્‌ભવે છે જીવને,
ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગ શુદ્ધાત્મા કરે.

૯. નિર્જરા ભાવના

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર દ્વારા કર્મોની નિર્જરા થાય છે. જેમ ધગધગતા અગ્નિ દ્વારા કડાઈનું બધું પાણી શોષાઈ જાય છે, તેમ ઉગ્ર આત્મભાવનાના પ્રતાપથી વિકાર બળી જાય છે, ને કર્મો ઝરી જાય છે. નિર્જરા બે પ્રકારની છે–તેમાં સવિપાક નિર્જરા તો બધા જીવોને થાય છે; અવિપાક નિર્જરા સમ્યગ્દ્રષ્ટિ, વ્રતધારી, મુનિઓને જ થાય છે. અને તે જ આત્માને કાર્યકારી છે. માટે હે આત્મા! તું આત્મધ્યાનની ઉગ્રતાવડે અવિપાક નિર્જરાને આચર, કે જેથી પંચમજ્ઞાની થતાં તને વાર ન લાગે. અહો! સમ્યગ્દર્શન થતાં જ અનંતી નિર્જરા શરૂ થઈ જાય છે, અને આ ક્ષણે જ એટલું તો જરૂર કર. તારા સ્વભાવનું સમ્યગ્દર્શન પણ ધીમેધીમે આઠેય કર્મોને બાળીને ખાખ કરી નાંખશે.

આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને,
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.

૧૦. લોક ભાવના

આ લોક (જગત) કોઈનો બનાવેલો નથી, કોઈ તેનો નાશ કરી શકતું નથી. અને કોઈએ તેને ધારણ કરી રાખ્યો નથી; એ તો અનાદિ સિદ્ધ અકૃત્રિમ નિરાલંબી છે, અનંત અલોકની વચમાં જેમ આ લોક નિરાલંબી સ્થિત છે, તેમ લોકમાં તારો આત્મા પણ કોઈના આલંબન વગરનો છે. માટે પરાલંબીબુદ્ધિ છોડીને તું તારા આત્માને જ અવલંબ, કે જેથી તારી લોકયાત્રા પૂરી થાય, અને લોકનું સર્વોત્કૃષ્ટ સ્થાન તને મળે. કેડ ઉપર હાથ ટેકવીને અને પગ પહોળા કરીને ઉભેલા પુરુષની સમાન આ લોકનો આકાર છે.–એવા આ લોકમાં જીવ સમ્યગ્દર્શન અને સમભાવ વિના જ અનંતકાળથી આમ–તેમ ઘૂમી રહ્યો છે. માટે

હે આત્મા! તું ઊર્ધ્વ–મધ્ય ને અધોલોકનું વિચિત્ર સ્વરૂપ વિચારીને, લોકમાં સર્વોત્કૃષ્ટ મહિમાવંત એવા તારા આત્મામાં સ્થિર થા, કે જેથી તારું લોકભ્રમણ અટકીને સ્થિર સિદ્ધદશા પ્રગટે. લોકનો એક પણ પ્રદેશ આઘો–પાછો થતો નથી; તેમજ લોકમાં એક પણ દ્રવ્યની સંખ્યામાં વધારો કે ઘટાડો થતો નથી.

૧૧. બોધિદુર્લભ ભાવના

જીવને મનુષ્યપર્યાય, ઉત્તમકુળ, નિરોગશરીર, દીર્ઘ આયુષ્ય, જૈનશાસન, સત્સંગ અને જિનવાણીનું શ્રવણ–એ બધુંય મળવું ઉત્તરોત્તર દુર્લભ છે. ભાગ્યવશાત્ એ બધું મળવા છતાં ધર્મબુદ્ધિ જાગવી તે દુર્લભ છે. એ બુદ્ધિ જાગ્યા પછી અંતરમાં સમ્યક્ત્વનું પરિણમન થવું તે પરમ દુર્લભ–અપૂર્વ છે. સમ્યક્ત્વ પછી મુનિધર્મને ધારણ કરવો તે દુર્લભ છે અને મુનિધર્મ પછી સ્વરૂપમાં સ્થિર થઈને કેવળજ્ઞાન પ્રગટ કરવું તે સૌથી દુર્લભ છે.

માટે હે આત્મા! તું આ મહા દુર્લભ યોગને પામીને હવે અતિ અપૂર્વ એવા આત્મબોધને માટે પ્રયત્નશીલ થા. તે પરમ દુર્લભ હોવા છતાં શ્રી ગુરુચરણના પ્રસાદથી આત્મરુચિના બળે તને તે સહજ સુલભ થઈ જશે. તે સમ્યક્ત્વને પ્રગટ કરવું તે જ સાચો લાભ છે, તે જ સાચું સુખ છે. સમ્યક્ત્વ પ્રગટ કરતાં તારો બેડો પાર થઈ જશે. એ પરમ દુર્લભ સમ્યક્ત્વરૂપી બાણ વગર આ જીવ યોદ્ધો સંસારમાં ઘૂમી રહ્યો છે. તેમ યોદ્ધા પાસે કામઠું હોય પણ જો બાણ ન હોય તો તે લક્ષ્યને વેધી શકતો નથી, જેમ જીવયોદ્ધા પાસે જ્ઞાનના ઉઘાડરૂપી કામઠું હોય પણ જો લક્ષ્યવેધક બાણ એટલે કે ચૈતન્યને લક્ષમાં લેનારું સમ્યક્ત્વ ન હોય તો તે મોહને વીંધી શકતો નથી, ને સંસારથી છૂટી શકતો નથી. માટે હે જીવ! તું તે સમ્યક્ત્વરૂપી તીક્ષ્ણ તીર વડે મોહને ભેદી નાંખ,–જેથી સંસારની જેલમાંથી છૂટકારો થઈ જાય, ને મોક્ષસુખ પ્રગટે.

૧૨. ધર્મભાવના

સમ્યગ્દર્શનાદિરૂપ જે ધર્મ છે તેનાથી આ જીવને સુખની પ્રાપ્તિ થાય છે. ધર્મ તો આત્માના તે ભાવનું જ નામ છે કે જે આત્મભાવ જીવને દુઃખઅવસ્થાથી છોડાવીને સુખરૂપ શિવધામમાં સ્થાપે. માટે હે આત્મા! તું મોહભાવથી ઉત્પન્ન થયેલા વિકલ્પોને છોડીને શુદ્ધ ચૈતન્યરૂપ તારા આત્માનું દર્શન કરીને તેમાં લીન થા, એ જ ધર્મ છે

અને એ જ તને સુખરૂપ છે. આ સિવાય સંસારમાં જે વિવિધ પાખંડોરૂપ ધર્મ દેખાઈ રહ્યા છે તે વાસ્તવમાં ધર્મ નથી. તું એ વાત બરાબર સમજી લે અને નિશ્ચય કરી લે કે આત્માની વિશુદ્ધિ તે જ ધર્મ છે, અને એવા ધર્મને ધારણ કરવાથી જ અચલસુખ મળે છે.

–આ પ્રમાણે બાર અનુપ્રેક્ષાઓ ભાવીને સમસ્ત સંસારભાવોથી વિરક્ત થઈને તે પાંડવમુનિવરો ચૈતન્યઅનુભવમાં લીન થયા, યુધિષ્ઠિર–ભીમ–અર્જુન એ ત્રણે મુનિવરો શુદ્ધોપયોગની ઉગ્રતા વડે ક્ષપકશ્રેણીમાં આરૂઢ થઈ, ઘાતિકર્મોનો ઘાત કરી, અંતઃકૃત કેવળી થયા ને સિદ્ધાલયમાં જઈ બિરાજ્યા. અત્યારે પણ તેઓ શત્રુંજય ઉપરના સિદ્ધાલયમાં બિરાજી રહ્યા છે, તેમને નમસ્કાર હો.

જેવી વૈરાગ્યભાવના પાંડવોએ ભાવી તેવી આપણે સૌએ ભાવવા જેવી છે, કેમકે વૈરાગ્યભાવનારૂપી માતા અને ભેદવિજ્ઞાનરૂપી પિતા–તે સિદ્ધિના જનક છે,

સુખકી સહેલી હૈ અકેલી ઉદાસીનતા...
અધ્યાત્મની જનની તે ઉદાસીનતા.

*****

## આત્મામાં મજા છે...મુંઝવણ નથી

* ગુરુદેવ કહે છે કે આત્મા રાગ અને રોગ વગરનો જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. એનામાં મુંઝવણ છે જ નહીં; રાગનો ય જેનામાં પ્રવેશ નથી ત્યાં રોગની શી વાત ?

* હમણાં એક જિજ્ઞાસુએ ગુરુદેવ પાસે ધા નાંખતાં કહ્યું– સાહેબ, હું અશરણ છું, મને બહુ મુંઝવણ થાય છે !

ત્યારે ઘણા વૈરાગ્યથી ગુરુદેવે કહ્યું કે ભાઈ ! આ આત્મા અંદરમાં આનંદસ્વરૂપ છે–આનંદસ્વરૂપ છે –આનંદસ્વરૂપ છે ( ત્રણવાર બહુ ભાવથી કહ્યું ) બહારનું છોડીને અંદર ઉતરવાનો પ્રયત્ન કરવો. એમાં જ શાંતિ છે, એમાં ક્યાંય મુંઝાવા જેવું છે જ નહીં. નિવૃત્તિથી આત્માનું ચિંતન કરવું તેમાં તો મજા છે, મુંઝવણ નથી.

# * સાચા-ખોટાની પરીક્ષા *

*****

**ગતાંકમાં ૧૦ વાક્યો લખીને, તે સાચા છે કે ખોટા તેની પરીક્ષા કરવાનું તમને સોપ્યું હતું. દશમાંથી ચાર વાક્યો (બીજું, ત્રીજું, સાતમું ને દસમું) સાચા છે; બાકીનાં ભૂલવાળાં છે. તેનો ખુલાસો નીચે મુજબ છે-**

(૧) એક સમ્યગ્દ્રષ્ટિ જીવ મરીને જ્યોતિષીદેવોનો ઇન્દ્ર થયો.–એ વાત સાચી નથી, કેમકે સમ્યગ્દ્રષ્ટિ જીવ કદી જ્યોતિષીદેવોમાં ઊપજતા નથી, વૈમાનિકદેવમાં જ ઊપજે છે. જ્યોતિષી દેવોમાં ઊપજે તે વખતે જીવ મિથ્યાદ્રષ્ટિ જ હોય છે; ત્યારપછી કોઈ જીવો આત્મજ્ઞાન કરીને સમ્યગ્દ્રષ્ટિ થાય તે જુદી વાત છે.

(૨) એક સમ્યગ્દ્રષ્ટિ જીવ મરીને બીજી નરકમાં ગયો–એ વાત સાચી નથી; સમ્યગ્દર્શન સહિત કોઈ જીવ કદાચિત (પૂર્વબદ્ધઆયુને કારણે) નરકમાં જાય તો તે પહેલી નરકમાં જ જાય, બીજી નરકમાં જાય નહીં એ નિયમ છે. બીજી નરકોમાં ગયા પછી ત્યાં સમ્યગ્દર્શન પ્રગટ કરી શકે ખરો.

(૩) એક સમ્યગ્દ્રષ્ટિ જીવ મરીને પહેલી નરકે ગયો. (જેને અજ્ઞાનદશામાં નરકનું આયુષ્ય બંધાઈ ગયું હોય ને પછી ક્ષાયિક સમ્યગ્દર્શન પામ્યો હોય તેવા જીવને આ વાત લાગુ પડે છે.)

(૪) એક જીવે તીર્થંકરપ્રકૃતિ બાંધી ને પછી ત્રીજી નરકે ગયો,–એ વાત સંભવે છે. નરકમાં ત્રણ નરક સુધી તીર્થંકરપ્રકૃતિની સત્તા હોઈ શકે છે. કોઈ જીવે મિથ્યાત્વદશામાં નરકગતિનું આયુ બાંધી લીધું, પછી સમ્યગ્દર્શન પામ્યો ને પ્રભુચરણમાં તીર્થંકરપ્રકૃતિ પણ બાંધી; પછી આયુષ્યના અંતિમ મુહૂર્તમાં ફરી મિથ્યાત્વદશા પામીને તે જીવ (તીર્થંકરપ્રકૃતિ સહિત) ત્રીજી નરકમાં જાય; અને ત્યાં ગયા પછી અંતર્મુહૂર્તમાં તે જીવ પાછો સમ્યગ્દર્શન પામી જાય છે. (આવા જીવો ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ નથી હોતા; ક્ષાયિક સમ્યગ્દર્શનનું અસ્તિત્વ પહેલી નરક સુધી જ સંભવે છે, તેથી નીચે નહીં.)

(૫) એક જીવે તીર્થંકરપ્રકૃતિ બાંધી ને પછી ચોથી નરકે ગયો...એ વાત સંભવી શકે નહીં. (ઉપરનો ખુલાસો વાંચવાથી તે સમજી શકાશે.)

( ૬ ) એક જીવ છઠ્ઠી નરકેથી નીકળી મનુષ્ય થયો ને પછી મુનિ થયો.–એ સાચું નથી. છઠ્ઠી નરકેથી નીકળેલો જીવ મનુષ્ય થઈ શકે પણ તે ભવમાં તેને મુનિદશા આવી શકે નહીં. આ સંબંધમાં નીચે મુજબ નિયમો છે–

* સાતમી નરકેથી નીકળેલો જીવ મિથ્યાત્વસહિત જ ત્યાંથી નીકળે અને તિર્યંચ જ થાય, મનુષ્ય ન થાય.
* છઠ્ઠી નરકેથી નીકળેલો જીવ સમ્યક્ત્વસહિત પણ નીકળી શકે, ને મનુષ્ય પણ થઈ શકે, પરંતુ વ્રતધારી થઈ શકે નહીં.
* પાંચમી નરકેથી નીકળેલો જીવ વ્રતધારી થઈ શકે પરંતુ કેવળજ્ઞાન પામી ન શકે
* ચોથી નરકેથી નીકળેલો જીવ કેવળજ્ઞાની થઈ શકે પણ તીર્થંકર ન થઈ શકે.
* ત્રીજી–બીજી કે પહેલી નરકેથી નીકળેલો જીવ તીર્થંકર પણ થઈ શકે. ( પરંતુ નરકમાંથી આવેલો જીવ ચક્રવર્તી કે બળદેવ–વાસુદેવ થાય નહીં. )

( આ ઉપરાંત ચાર ગતિમાં ગમનાગમન સંબંધમાં જાણવા જેવા બીજા પણ અનેક નિયમો છે, જે કોઈ વાર આત્મધર્મમાં આપીશું. )

( ૭ ) એક જીવ ચોથી નરકેથી નીકળી મનુષ્ય થઈ, કેવળજ્ઞાન પામી મોક્ષે ગયો, –એ વાત સંભવી શકે છે. ( ઉપરના નિયમો વાંચો. )

( ૮ ) એક જીવ આત્માને ઓળખી મુનિ થયો ને ક્ષપકશ્રેણી માંડી સ્વર્ગે ગયો,– એમ બને નહીં, ક્ષપકશ્રેણી માંડનાર જીવ તે ભવે મોક્ષ જ પામે, તે કદી સ્વર્ગમાં જાય નહીં.

( ૯ ) એક જીવ ત્રીજા ગુણસ્થાને મરીને દેવલોકમાં દેવ થયો.–( એ વાત સાચી નથી, કેમકે ત્રીજા ગુણસ્થાને કોઈ જીવનું મરણ થતું નથી. )

( ૧૦ ) ભરતક્ષેત્રનો કોઈ જીવ સીમંધરપ્રભુ પાસે ગયો ને ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યો,–એ વાત સંભવી શકે છે; પરંતુ પંચમકાળમાં જન્મેલા જીવને માટે તે સંભવતું નથી કેમકે તે જીવમાં ક્ષાયિક સમ્યક્ત્વની યોગ્યતા નથી.

# અમૂલ્ય તત્ત્વ વિચાર

એકવાર રાત્રિચર્ચાના શાંત–આધ્યાત્મિક વાતાવરણમાં પૂ. ગુરુદેવે કહ્યું:

**“નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે,**
**એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે.”**

–જુઓ, શ્રીમદ્ રાજચંદ્રજીએ માત્ર ૧૬ વર્ષની ઉંમરે આ કાવ્ય બનાવ્યું છે, તેમાં કેવી સરસ વાત કરી છે! આ આત્મા દિવ્ય ચૈતન્યશક્તિવાળો પરમેશ્વર છે, પણ તે પોતાની શક્તિને ભૂલીને, ભ્રમણાને લીધે સંસારની જેલમાં–જંજીરમાં ફસાયો છે... તેમાંથી તે કેમ છૂટે?–કે “હું કોણ છું ને મારું વાસ્તવિક સ્વરૂપ શું છે”–તે જો બરાબર ઓળખે તો ભ્રમણા છૂટે ને નિર્દોષ સુખ તથા નિર્દોષ આનંદ પ્રગટે.

**“પરવસ્તુમાં નહીં મુંઝવો, એની દયા મુજને રહી,**
**એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત દુઃખ તે સુખ નહીં.”**

જુઓ તો ખરા! ૧૬ વર્ષની ઉંમરે કહે છે કે, આત્માને પરવસ્તુમાં ન મુંઝવવો; અરે! દિવ્યશક્તિવાળો આત્મા પરવસ્તુમાં મુંઝાઈ જાય–મુર્છાઈ જાય –એની મને દયા આવે છે! દિવ્ય શક્તિવાળા ચૈતન્યના નિર્દોષ સુખને ભૂલીને પરવસ્તુમાં સુખ માનતાં તે મિથ્યા માન્યતામાં આત્મા મુંઝાય છે; પરમાં સુખ કલ્પે છે પણ તેને સુખ મળતું તો નથી–તેથી તે પરાશ્રિતભાવમાં મુંઝાય છે, ને તે દેખીને જ્ઞાનીઓને દયા આવે છે, કે અરે! ચૈતન્યભગવાન આત્મા પોતે પોતાને ભૂલીને પરમાં મુર્છાઈ ગયો!–એ મુંઝારો એટલે કે પરમાં સુખબુદ્ધિરૂપ મુર્છા ત્યાગવા માટે આ સિદ્ધાંત છે કે જેની પાછળ દુઃખ હોય તે ભાવમાં સુખ નથી...સમ્યગ્દર્શનાદિ ધર્મના ભાવોમાં વર્તમાન પણ સુખ ને તેના ફળમાં પણ સુખ; રાગાદિ વિકારી ભાવોમાં વર્તમાન પણ દુઃખ ને પછી તેના ફળમાં પણ સંસારના જન્મ–મરણરૂપ દુઃખ,–માટે તેમાં સુખ નથી. આમ સમજી તે રાગાદિ વિભાવોથી ભિન્ન પોતાનું ચિદાનંદ સ્વરૂપ લક્ષમાં લઈ, વિવેકપૂર્વક શાંતભાવે તેનું ચિંતન કરવું. એમ કરવાથી મુંઝવણ મટીને નિર્દોષ આત્મસુખ પ્રગટે છે.

(–રાત્રિચર્ચામાંથી)

# સતી ચંદના

( તેમના જીવનમાંથી ધર્મના અને ધૈર્યના ઉત્તમ આદર્શની પ્રેરણા લેજો. )

ભગવાન મહાવીરની માતા ત્રિશલા દેવી; તે વૈશાલીનગરીના ચેટકરાજાની પુત્રી. ચેટકરાજાને સાત પુત્રી, તેમાં સૌથી મોટી ત્રિશલા અને સૌથી નાની ચંદનબાળા. એ ચંદના સૌથી નાની હોવા છતાં તેણે એવું મહાન કાર્ય કર્યું કે ભગવાન મહાવીરના સમવસરણમાં ૩૬૦૦૦ અર્જિકાઓના તેઓ શિરોમણિ થયા. જેમ ગૌતમસ્વામી ૧૪૦૦૦ મુનિઓમાં મુખ્ય ગણધર હતા, તેમ ચંદનામાતા ૩૬૦૦૦ અર્જિકાઓમાં મુખ્ય ગણિની હતા.

પ્રભુ મહાવીરની એ નાનકડી માસી નાનપણથી જ ઊંચા સંસ્કાર ધરાવતી હતી. તેની મામી યશસ્વતી દીક્ષા લઈને આર્યિકા થયેલ, તેમની પાસે ચંદનાએ નાનપણમાં જ સમ્યગ્દર્શન તેમજ વ્રતોનું ગ્રહણ કર્યું હતું. એકવાર તે ચંદના પોતાની સખીઓ સાથે વનક્રીડા કરતી હતી; ત્યાં તેના સુંદર રૂપ પર મોહિત થઈને મનોવેગ નામનો વિદ્યાધર તેને ઉપાડી ગયો. પણ તેની રાણી મનોવેગાએ તેને ઠપકો આપીને ચંદનાને છોડાવી. વિદ્યાધર તેને ભૂતવનમાં મૂકી આવ્યો. એ ઘોરવનમાં પડેલી ચંદનાએ પંચપરમેષ્ઠી ભગવાનનું સ્મરણ કરી કરીને રાત વીતાવી.

સવારમાં તે વનનો એક ભીલ ત્યાં આવી પહોંચ્યો. ચંદનબાળાએ તેને ધર્મોપદેશ દઈને સમજાવ્યો તથા આભૂષણો ઈનામ આપ્યાં; તેથી તે પ્રસન્ન થયો, ને ચંદનાને જંગલના રાજા સિંહ નામના ભીલ પાસે લઈ ગયો. તે દુષ્ટ ભીલ રાજા પણ ચંદના ઉપર મોહિત થઈ ગયો, અને તેને ત્રાસ દેવા લાગ્યો. પરંતુ ચંદનાસતી તો શીલમાં દ્રઢ રહીને ધર્મનું સ્મરણ કરે છે. દ્રઢ શીલવંતી ચંદનાનું તેજ દેખીને તે ભીલની માતાને એમ લાગ્યું કે આ તો કોઈ દેવી છે; જો તે કોપશે તો શાપ દેશે.–આવા ડરથી તેણે ભીલને રોકયો ને ચંદનાને છોડાવી.

આ રીતે અનેક સંકટો વચ્ચે પણ પોતાના શીલધર્મમાં દ્રઢ રહેતી એ રાજકુમારી ગમે તેવા પ્રસંગે પણ ધર્મને ભૂલતી નથી; કયાં રાજપુત્રી...ને કયાં આ ભીલનું ઘર ? પછી એ ભીલે ચંદનાસતી તેના એક મિત્રને ભેટ તરીકે આપી દીધી; અને તે મિત્રે ઘણા ધનની લાલચથી કૌશામ્બીનગરીના વૃષભસેન શેઠને આપી. વૃષભસેન શેઠ ધર્માત્મા હતા, જૈનધર્મના ભક્ત હતા, વાત્સલ્યવંત હતા. તેમણે ચંદનાને કોઈ ખાનદાન કૂળની શીલવતી ધર્માત્મા સમજીને પોતાના ઘરે રાખી, અને પ્રેમપૂર્વક પુત્રીની જેમ તેનું પાલન કરવા લાગ્યા.

ચંદના ઉપરનો તેમનો આ પ્રેમ શેઠાણી સુભદ્રાથી જોઈ શકાયો નહિ, તે શંકિત થઈ ગઈ, અને ક્રોધપૂર્વક ચંદનાને સાંકળથી બાંધીને કષ્ટ દેવા લાગી. ગમે તેવા

સંકટમાં પણ ચંદના તો ધૈર્યપૂર્વક ધર્મધ્યાનમાં પોતાનું ચિત્ત જોડતી...અને વિચારતી કે મારા પૂર્વના કોઈ પાપકર્મનું આ ફળ છે. ધન્ય છે ત્રિશલાબહેનના પુત્ર મહાવીરને, કે જેઓ આ સંસારનો મોહ છોડી મુનિ થઈ આત્મસ્વરૂપને સાધવામાં તત્પર છે. અલ્પકાળમાં તેઓ તીર્થંકર થશે. અહો, કયારે હું એમના દર્શન પામું! ને કયારે આ સંસાર છોડીને આર્યિકા બનું!! આવી ભાવનાપૂર્વક બેડીના બંધનમાં જકડાયેલી ચંદના દિવસો વીતાવે છે. જુઓ, સંસારની વિચિત્રતા!–આ ચંદનાની જ બહેન મૃગાવતી, તે તો આ કૌશામ્બીનગરીની મહારાણી છે ને રાજમહેલમાં બિરાજે છે, ત્યારે એની જ નાની બહેન ચંદના એ જ ગામમાં બેડી વચ્ચે બંધાયેલી છે.–મૃગાવતીને તો એની ખબરેય નથી.

હવે મુનિદશામાં વિચરતા–વિચરતા ભગવાન મહાવીર એક દિવસ આ કૌશામ્બી નગરીમાં પધાર્યા...નગરજનો એમના દર્શનથી ધન્ય બન્યા. બેડીમાં બંધાયેલી ચંદનબાળા પણ ભગવાનના દર્શનની અને તેમને પારણું કરાવવાની ઉત્તમ ભાવનાઓ ભાવવા લાગી...બરાબર એ જ વખતે મુનિરાજ મહાવીર આહાર માટે તે તરફ પધાર્યા. અહા! પ્રભુને દેખતાં જ ચંદનાનું અંતર કોઈ અચિંત્ય ભક્તિથી ઉલ્લસી ગયું... ભગવાનને નિમંત્રણ કરવા માટે જ્યાં પગ ઉપાડવા જાય છે ત્યાં તો એની બેડીના બંધનો તૂટી ગયા...બેડીને બદલે સુવર્ણના આભૂષણો બની ગયા...સુભદ્રાએ આપેલ હલકું ભોજન ઉત્તમ આહારરૂપ બની ગયું. અત્યંત પ્રસન્નતા અને નવધા ભક્તિથી ચંદનાએ મહાવીર મુનિરાજને આહારદાન કર્યું. એના આનંદનો પાર ન રહ્યો. દેવોએ પણ આનંદથી વાજાં વગાડીને રત્નવૃષ્ટી કરી. આખી નગરીમાં આનંદ–આનંદ છવાઈ ગયો. ચંદના સતીનો પ્રભાવ સર્વત્ર ફેલાઈ ગયો. આ સમાચાર જાણીને ચંદનાની મોટી બહેન રાણી મૃગાવતી પણ ત્યાં આવી ને પોતાની નાની બહેનને જોતાં તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. અરે આ તો કૌશામ્બીના મહારાણીની બહેન છે–એમ જાણતાં જ વૃષભસેન શેઠે અને ભદ્રા શેઠાણીએ તેની માફી માંગી. પછી સૌ સાથે મળીને ભગવાન મહાવીરની વંદના કરવા ચાલ્યા; નગરીના હજારો લોકો પણ સાથે ચાલ્યા.

આ બાજુ ભગવાન મહાવીરને કેવળજ્ઞાન થઈ ગયું હતું, સમવસરણમાં ભગવાન મહાવીરના ઉપદેશથી ચંદનાસતીને સંસારપ્રત્યે તીવ્ર વૈરાગ્ય જાગ્યો. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી શોભતી તે ચંદના સતી ભગવાન પાસે દીક્ષિત થઈને અર્જિકા થઈ, ને તપશ્ચરણ કરવા લાગી. જ્ઞાનધ્યાનના પ્રભાવથી ૩૬૦૦૦ અર્જિકાઓમાં તેણે ગણિનીપદ પ્રાપ્ત કર્યું, ને સ્ત્રીપર્યાયનો છેદ કરીને એકાવતારીપણે ઉત્તમ સ્વર્ગમાં ગયા.

જ્ઞાન અને શીલથી શોભતું એ ચંદનાનું જીવન ભારતની સર્વ મહિલાઓને માટે પવિત્ર આદર્શરૂપ છે. એવી આદર્શ ધર્માત્માસતીઓ તે ભારતનું મહાન ભૂષણ છે.

---

# જાગો રે જૈનો જાગો...તમે વીરમાર્ગે લાગો

## ૧૯૭૦ ના માર્ચ માસમાં થનાર વસતીપત્રકમાં "જૈન" લખાવો

આપણે જૈન...એટલે જિનવરના સન્તાન...જિનદેવના અનુયાયી

ભારતભરમાં સર્વત્ર જૈનો વસે છે...તેની એકંદર સંખ્યા એક કરોડ જેટલી અંદાજાય છે.

જૈનધર્મે ભારતદેશને ઊંચામાં ઊંચા અધ્યાત્મ–સંસ્કારો અને વીતરાગી અહિંસા આપ્યાં છે...જ્યોર્જ બર્નાડ શો જેવા પરદેશી પણ જૈનધર્મથી પ્રભાવિત થયેલ છે. રાષ્ટ્રનેતા ગાંધીજીએ જેમની પાસેથી આર્યસંસ્કારોની પ્રેરણા મેળવી તે શ્રીમદ્ રાજચંદ્રજી પણ જૈનધર્મના મર્મજ્ઞ હતા. રાણા પ્રતાપના મેવાડને ફરીથી સ્વાધીન કરવામાં મહત્ત્વનો ફાળો આપનાર વીર ભામાશાહ પણ જૈનધર્મી હતા.

મહાગુજરાતની ત્રણેક કરોડની વસ્તીમાં સાત–આઠ લાખ જૈનો હશે. એકલા અમદાવાદમાં જ લાખ ઉપરાંત જૈનો વસે છે, ભાવનગર, જામનગર, રાજકોટ વગેરે શહેરોમાં પણ વિપુલ સંખ્યામાં જૈનો વસે છે. રાજસ્થાનમાં જયપુર, અજમેર, ઉદેપુર વગેરે શહેરો પણ જૈનોની વસ્તીથી ભરપૂર છે. મધ્યપ્રદેશમાં પણ ઈંદોર, ઉજ્જૈન, ભોપાલ વગેરે ઘણા શહેરો જૈનવસ્તીથી ભરપૂર છે. એકલા મુંબઈમાં લાખથી વધુ જૈનો વસે છે ને મહારાષ્ટ્ર પ્રદેશમાં ખૂબ જૈનો વસે છે. કલકત્તામાં દર કાર્તિકી પુનમે રથયાત્રામાં લાખો જૈનોનો મેળો ભરાય છે. દિલ્હીમાં પણ જૈનોની ઘણી મોટી વસ્તી છે. અને, આખોય દક્ષિણ પ્રદેશ કેટલાય લાખ જૈનોથી અને પ્રાચીન જૈનવૈભવથી ભરેલો છે. દક્ષિણપ્રદેશના વિપુલ જૈનવૈભવથી આપણે અત્યાર સુધી એટલા અજાણ હતા કે કુંદકુંદસ્વામીના પોન્નુર જેવા પ્રદેશમાં–જ્યાં દર વર્ષે લાખો જૈનોનો મેળો ભરાય છે ને જેની આસપાસ ગાઉના ગાઉ સુધી જૈનોની વસ્તી ભરેલી છે, એવા પોન્નુરનું નામ પણ આપણે પંદર વીસ વર્ષ પહેલાં જાણતા ન હતા. પૂ. કાનજી સ્વામીએ દક્ષિણદેશના તીર્થોની યાત્રા કરી ત્યારે ત્યાં ઠેર ઠેર આપણા લાખો જૈનબંધુઓ આપણે નજરે દેખ્યા, અને દક્ષિણના ધર્મવૈભવનો થોડોક ખ્યાલ આવ્યો.

–આ રીતે એક કરોડ જેટલા જૈનોથી ભારતદેશ શોભી રહ્યો છે. અને છતાં, ભારતમાં મહાવીર જયંતી જેવા સુપ્રસિદ્ધ દિવસને પણ જાહેર તહેવારની રજા તરીકે કેન્દ્રસરકાર સ્વીકારતી નથી, એ આશ્ચર્ય છે. (જો કે રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે કેટલાક રાજ્યોમાં મહાવીરજયંતીની જાહેર રજાઓ પડે છે.)

ભારતમાં જ્યારે બુદ્ધ અને ઈસુના જન્મદિવસો જાહેર રજા તરીકે સ્વીકારાય છે, ત્યારે ભારતના ભગવાન મહાવીરનો જન્મદિવસ જાહેર રજા તરીકે હજી સુધી નથી સ્વીકારાયો–તેનું એક કારણ એ છે કે, જૈનોની કરોડ જેટલી વસ્તી હોવા છતાં ભારતસરકારના વસ્તીપત્રકમાં માત્ર સોળ લાખ જેટલા જ જૈનો નોંધાય છે. સરકારી દફતરમાં જો પૂરતી સંખ્યામાં જૈનોની વસ્તી નોંધાય તો આપણે કેટલાક સામાજિક લાભો મેળવી શકીએ. હવે આપણો જૈનસમાજ આ માટે જાગે, ને માર્ચ માસમાં વસતી ગણતરી વખતે (દસમા ખાનામાં) સૌ પોતાને જૈન તરીકે જ લખાવે–એ જરૂરનું છે. આપ જૈનોના ગમે તે ફીરકામાં હો–ચાહે દિગંબર હો યા શ્વેતાંબર, દેરાવાસી હો યા સ્થાનકવાસી,–પણ વસ્તીપત્રકમાં માત્ર "જૈન" જ લખાવવું. જેમ ભારતમાં કેટલીય નાત–જાતના લોકો વસતા હોવા છતાં, પરદેશી આક્રમણ સામે સૌ 'ભારતીય' તરીકે એક થઈને ઊભા રહીએ છીએ, તેમ સામાજિક ક્ષેત્રમાં આપણે સૌ જૈનો એક થઈને ઊભા રહીએ, અને જૈનશાસનના પવિત્ર ઝંડાને વધુને વધુ ઊંચો ફરકાવીએ.

અને, વીરપ્રભુના નિર્વાણની અઢી હજારમી જયંતીના મહોત્સવ માટે પણ સૌ હળીમળીને તૈયાર થઈએ. એ પવિત્ર અવસર આવે ત્યાં સુધીમાં પરસ્પર એવા સંપ અને સ્નેહનું વાતાવરણ સર્જીએ કે જૈનો–જૈનો વચ્ચેનો એક પણ કેસ ભારતની કોઈ પણ કોર્ટમાં ચાલુ રહ્યો ન હોય; ને તેમાં સમાજનો એક પૈસો પણ ખરચાતો ન હોય; આપણી સર્વ શક્તિ માત્ર જૈન સમાજની અને જૈનધર્મની ઉન્નતિમાં જ વપરાય.

જાગો રે જૈનો જાગો... જિનવરનાં સન્તાન જાગો...

રત્નત્રય પ્રગટાવી તમે વીરમાર્ગે લાગો...

–जैनं जयतु शासनम्

**सन् १९७० की जनगणना के समय धर्म के खाना नं॰ १० में "जैन" लिखवाकर सही आंकड़े इकट्ठा करने में सरकार की मदद करें ॥**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૨૭૦૦